Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैनधर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तन्त्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनीयायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपा( मानस, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजापः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्तितव्यमुत्तमज्ञानेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥

उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૭ મું. ભાદ્રપદ. સંવત ૧૯૬૭. શાકે ૮૩૩ અંક ૬ ઠો.

## ज्ञानसार सूत्र विवरण.

( લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી )

### तृप्ति—अष्टक (१०)

ઉપરના અષ્ટકમાં જણાવ્યા મુજબ શ્રીવીતરાગ વચનાનુસારે લક્ષ્યપૂર્વક વર્તન કરતાં અનુક્રમે એવી અસંગ તૃપ્તિ પ્રગટે છે કે જેમાં અગમ આનંદની ભરપૂર સત્ય જ્ઞાન અને ક્રિયા એકતાને પામેલાં હોય છે. એમ કહેવાની મતલબ એવી છે કે અનહદ આનંદ પામવા તીવ્ર અભિલાષાવંતે પર પુદ્ગલિક વસ્તુમાં અનાદિ કાળથી લાગેલી અનંતી પ્રીતિ તોડી આત્મસ્વરૂપમાંજ તેવી અનંતી પ્રીતિ જોડવા ભગીરથ પ્રયત્ન કરવો જરૂરનો છે. પર પ્રતિ વધી પડવાથી જીવ સ્વ સ્વરૂપ સામે લક્ષ દઇ શકતો નથી. તેથી સ્વરૂપ રાગી સજ્જનોએ પરવસ્તુ પ્રત્યે વધી પડેલી મિથ્યા પ્રીતિ નિવારવા પરમાત્મ સ્વરૂપનું વારંવાર સ્મરણ મનન કરવાની આવશ્યકતા છે. કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રીતિ અનંતી પરથકી, જે તોડે હો તે જોડે એહ;**
**પરમ પુરૂષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ.**

મતલબ કે ખોટી તૃષ્ણાને તજી ખરી તૃપ્તિ સંતોષ વૃત્તિ ધારવાથીજ સ્વશ્રેય ાધાય તેમ છે તેથીજ શાસ્ત્રકાર સંતોષ વૃત્તિ ધારવા ઉપદિશે છે. તે ખરી તૃપ્તિ ાારણ કરી કયારે કહેવાય ? તેનો હવે ગ્રંથકાર ખુલાસો કરે છે.

पीत्वा ज्ञानामृतं भुक्त्वा, क्रियासुरलता फलम् ॥
साम्यताम्बूलमास्वाद्य, तृप्तिं याति परां मुनिः ॥ १ ॥

ભાવાર્થ—જ્ઞાનામૃતનું પાન કરીને, ક્રિયાકલ્પલતાનાં ફળ ખાઈને તથા સમતારૂપી ાામ્બૂલ ચાવીને મુનિશ્રેષ્ઠ તૃપ્તિને પામે છે. સમતાયુક્ત જ્ઞાન અને ક્રિયા વડે ખરી ૃપ્તિ સાધી શકાય છે તે વિનાની પૌદ્ગલિક તૃપ્તિ કલ્પિત જ છે.

**વિવેચન**—અનુપમ અમૃત કે રસાયણ જેવું તત્ત્વજ્ઞાન—આત્મજ્ઞાન જે અહોનિશ આ-સ્વાદ્યા કરે છે, તેથી જેને પર પુદ્ગલિક પ્રીતિ છુટી ગઇ છે અને તત્ત્વ રૂચિ અત્યંત જાગી ે જેથી શાસ્રોકત સત્ ક્રિયા કરવા રૂપ કલ્પવૃક્ષનાં ઉત્તમ ફળજ આરોગ્યા કરે છે તેમજ ેના પ્રભાવથી રાગ દ્વેષ—કષાય રૂપ અંતરના દુષ્ટ વિકારો જેના નષ્ટ થઈ ગયા છે ોટલે જે સમતા રૂપ અદ્ભૂત તંબોળનું આસ્વાદન કરે છે તે મહાનુભાવ મુનિવરજ ારમ તૃપ્તિને પ્રાપ્ત થાય છે. મતલબ કે અતિ અનુપમ આત્મજ્ઞાન રૂપ અમૃત ાાન કર્યા વગર અને ઉત્તમ કરણી રૂપ દૈવી ફળ ખાધા વગર તેમજ રાગ દ્વેષ વર્જિત ામતા રૂપ શ્રેષ્ઠ તાંબુલનું સેવન કર્યા વગર ખરી તૃપ્તિ—ખરી શાંતિ (સુખ—સમાધિ) ાાપ્ત થવી દુર્ઘટ છે. જે મહાનુભાવ પુરૂષો મહાભાગ્ય યોગે તેવાં ઉત્તમ સાધનથી ાંપન્ન થઈ પ્રમાદ રહિત તેનો લાભ લીધા કરે છે તેજ સાચા નિગ્રંથ મુનિજનોની ગણનામાં ગણાય છે. એવા ઉત્તમ મુનિજનોજ ખરી તૃપ્તિ—સંતોષ વૃત્તિને ધારણ કરનારા હોવાથી પરમ સુખી છે. તેમના સુખની આગળ દુનિયાનું ગણાતું સમસ્ત સુખ કંઇ ગિનતીમાં નથી. તેથીજ સત્ય સ્વભાવિક સુખની ખરી કામનાવંત જનોએ ઉપર જણાવેલી ઉત્તમ દિશામાંજ અધિક પ્રયત્ન સેવવો જરૂરનો છે. એવા પ્રયત્ન વડેજ જ્યારે ત્યારે ખરી શાંતિ પ્રગટવાની છે. તે વગરનાં બીજાં બધાં ફાંફાં જ છે. પર વસ્તુમાં જીવને અનાદિ કાળથી લાગેલી પ્રીતિ તોડવી એજ જ્ઞાનીનું ખરૂં કર્તવ્ય છે. કેમકે એમ કરવાથી જ આત્મા સ્વ સ્વભાવિક ગુણનો અભ્યાસ કરી શકે છે અને તેથીજ અનુક્રમે ખરી શાંતિ પ્રગટે છે એમ શાસ્ત્રકાર યુકિતથી સમજાવે છે.

स्वगुणैरेव तृप्तिश्च—दाकालमविनश्वरी ॥
ज्ञानिनो विषयैः किं तै—र्यैर्भवेत्तृप्तिरित्वरी ॥ २ ॥

For Private And Personal Use Only

ભાવાર્થ—સદ્‌ગુણો વડેજ અક્ષય અને અખંડ તૃપ્તિ થતી હોય તો ક્ષણિક તૃપ્તિ કરનારા વિષયોનું જ્ઞાનીને શું પ્રયોજન છે? સદ્‌ગુણ સેવનથી સાક્ષાત્ આત્મ-તૃપ્તિને અનુભવનારા જ્ઞાની પુરૂષો વિષમ એવા વિષય સુખનો આદર કરતાજ નથી.

વિવેચન—નિજ ગુણ—દર્શન જ્ઞાન ચારિત્રાદિકનાજ આસેવનથી ખરૂં સુખ પ્રગટે છે એમ સર્વજ્ઞ સર્વદર્શી વીતરાગ પરમાત્માનો સાક્ષાત્ અનુભવ છે, એ વાતની દૃઢ પ્રતીતિ થતાં અને આ પ્રગટ દેખાતું દુનિયાનું દૃશ્ય સુખ મૃગતૃષ્ણા સમાન અસાર છે એવું સચોટ ભાન થયે છતે સાચા પરમાર્થિક સુખના અર્થી ચક્રવર્તી જેવા પણ છ ખંડની અખંડ ઋદ્ધિ તૃણવત તજી દઈ સત્ ચારિત્ર શ્રીનો સ્વીકાર કરી પ્રમાદ રહિત તેનું પાલન કરે છે તો તે પવિત્ર રત્નત્રયીના પ્રભાવે સમસ્ત ક્લે-શનો અંત કરી અખંડ અબાધિત શિવ સુખ પામે છે. પરંતુ જે મોહ—અજ્ઞાન વશ થઈ પ્રાપ્ત થયેલાં વિષય સુખમાં મગ્ન થઈ જાય છે અથવા નહિં પ્રાપ્ત થયેલાં અભિનવ વિષય સુખની ઈચ્છા કરે છે તે બાપડા ક્ષણિક અને કલ્પિત અસાર સુખની ખાતર શાશ્વત અને સ્વભાવિક નિરૂપાધિક સુખ મેળ-વવાની ખરી તક ચૂકી જાય છે. જ્ઞાની વિવેકી એવી ખરી તક ચુકી જતા નથી. તેઓ તો સમજે છે કે આ દુર્લભ મનુષ્ય જન્મ વિગેરે સત્ સામગ્રી વગર કદાપિ કોઈને પવિત્ર રત્નત્રયીની પ્રાપ્તિ થતી નથી અને તે પવિત્ર રત્નત્રયીના આરાધન વગર અક્ષય અબાધિત શિવ સુખ પ્રાપ્ત થતું નથી તેથી પ્રબળ પુન્ય યોગે પ્રાપ્ત થયેલી આ સોનેરી તકનો સદ્ ઉપયોગ કરવા તેઓ ગફલત કરતા નથી. તેઓ સ્વાનુભવથી જોઈ શકે છે કે સ્વાત્મ ગુણના ચીર પરિચયથી પ્રાપ્ત થતી શાંતિ અખંડ બની રહે તેવી હોવાથી આદરવા યોગ્ય છે ત્યારે વિષય જન્ય સુખ કેવળ કલ્પિત ક્ષણિક અને અસાર હોવાથી તજવા યોગ્ય છે. આવી રીતે વિવેકથી વસ્તુ સ્વરૂપને યથાર્થ જાણનાર જ્ઞાની પુરૂષજ વિષય-સુખને વિષ તુલ્ય લેખી તજે છે અને નિજ ગુણ અભ્યાસને જ અમૃત તુલ્ય સમજી સદા એવી પરમ શાંતિને સાક્ષાત અનુભવે છે. આવા જ્ઞાની—વિવેકી અમૃત તુલ્ય નિજ ગુણોનો ભોગ તજી હલાહલ વિષ તુલ્ય વિષય રસમાં કેમ રાચે? આલબત નજ રાચે. કેમકે આત્મગુણ રમણતાથી કેવળ શાન્ત રસ-નીજ પુષ્ટી થાય છે અને વિષય સુખમાં રક્ત થવાથી ત્રિવિધ તાપની જ વૃદ્ધિ થાય છે.

હવે શાસ્ત્રકાર સર્વ રસાધિરાજ શાંત રસનુંજ માહાત્મ્ય જણાવે

या शान्तैकरसास्वादाद् भवेत्तृप्तिरतींद्रिया ॥
सा न जिह्वेंद्रियद्वारा, षड्रसास्वादनादपि ॥ ३ ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવાર્થ—એકજ શાન્ત રસનો આસ્વાદ કરવાથી જે સહજ અતીંદ્રિય સુખ પ્રાપ્ત થાય છે, તે રસનાવડે પટ્રસનો આસ્વાદ લેવાથી પણ મળી શકતું નથી. એમ સમજી સકળ ઇંદ્રિય જન્ય તુચ્છ વિષય રસનો ત્યાગ કરીને એક શાન્ત વૈરાગ્ય રસનો જ આસ્વાદ કરી અપૂર્વ અને અતીંદ્રિય સુખનો સાક્ષાત્ અનુભવ કરવો યુક્ત છે. કેવળ વિષયાસક્ત વિવેક વિકલને એવું અપૂર્વ સુખ મળી શકે નહિ.

વિવેચન—દુનીઆમાં પ્રસિદ્ધ ગણાતા સકળ રસોમાં શાન્ત રસ જ સહુથી શ્રેષ્ઠ છે. કેમકે કામ (વિષય) રસ, હાસ્યરસ, કરૂણારસ વિગેરેથી ઇંદ્રિયદ્વારા ક્ષણિક સુખ મળે છે ત્યારે શાન્ત ( પ્રશમ ) રસથી અદ્ભુત, અતીંદ્રિય ( ઇંદ્રિયોદ્વારા અનુભવી ન શકાય તેવું ) સત્ય સ્વભાવિક સુખ પ્રગટે છે. તેવું અનુપમ સુખ ચક્રવર્તી કે ઇંદ્ર પણ વિષય સુખના આશી હોવાથી પામી શકતાનથી. જેઓ સકળ ઇંદ્રિયના વિષયો ઉપર પૂરતો નિગ્રહ કરે છે એટલે સહેજે પ્રાપ્ત થયેલા એવા વિષયોમાં પણ લોલુપતા ધારતા નથી તેમજ અપ્રાપ્ત વિષયોની ઈચ્છા પણ કરતા નથી એવા મહાનુભાવ પુરૂષો જ તેવા શાન્ત રસનો લાભ લઈ શકે છે. વિષય સુખના રસિયા લોકો અનેક વખત વિવિધ વિષય સુખ ભોગવે પરંતુ તેમને તેથી તૃપ્તિ તો થતી નથી પરંતુ તેની તૃષ્ણા અધિકાધિક વધતીજ જાય છે. જેમ ઇંધન યોગે આગ વધતી જાય છે પણ શાંત થતી નથી તેમ વિષય સુખ આશ્રી સમજવું. એ વાત સાક્ષાત્ અનુભવવામાં આવી શકે એવી હોવાથી તેમાં વધારે દ્રષ્ટાંતોની જરૂર નથી. ખાનપાનનો રસિયો માણસ પટ્રસ ભોજન કરે તોપણ તેની ઇચ્છા પૂરાતી નથી પરંતુ તેને પુનઃ પુનઃ અધિકાધિક ઈચ્છા જાગે છે તેથી સંતોષવૃત્તિમાં જ સુખ છે એમ સિદ્ધ થાય છે. અને પૂર્વોક્ત શાંત સુધારસનું જે અહોનિશ પાન કર્યાં કરે છે તેને એવી તો ઉત્તમોત્તમ શાંતિ આત્મામાં વ્યાપે છે કે તેથી તેને નિરૂપાધિક અને નિર્દ્વંદ્વ એવું શ્રેષ્ઠ સ્વભાવિક સુખ સહેજે પ્રાપ્ત થાય છે.

મતલબ એવી છે કે સુખના અર્થી સહુ સરખા હોવા છતાં જ્ઞાની–વિવેકી પુરૂષો સત્ય સ્વભાવિક સુખના ખરો માર્ગ આદરી ખરી શાંતિ અનુભવે છે ત્યારે અજ્ઞાની અવિવેકી જીવ ઉલટા માર્ગે વર્તી પરિણામે પરિતાપનેજ પામે છે. એજ વાતનું આગળના શ્લોકમાં શાસ્ત્રકાર સમર્થન કરે છે.

संसारे स्वप्नवन्मिथ्या, तृप्तिः स्यादाभिमानिकी ॥
तथ्या तु भ्रांतिशून्यस्य, सात्मवीर्यविपाककृत ॥ ३ ॥

ભાવાર્થ—સંસારમાં મુગ્ધ લોકોએ માની લીધેલી વિષયતૃપ્તિ સ્વપ્નની જેવી મિથ્યા છે, અને આત્માની સહજ શકિતને ઉત્તેજિત કરનારી જ્ઞાનીઓત તૃપ્તિજ સાચી અને સેવવા આજીને અક્ષયમાટે જ તૃપ્ત યોગ્ય છે. માટે ક્ષણિક તૃપ્તિને લીધે યત્ન કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિવેચન—આખી દુનિયામાં જીવોએ મોહ મમતા અને અજ્ઞાનવશ માની લીધેલું સુખ કેવળ કૃત્રિમ ક્ષણિક અને અસાર હોવાથી તે સ્વપ્નવત્ મિથ્યા ભ્રાંતિ રૂપે છે. કેમકે તેવા કલ્પિત સુખથી તેમને કદાપિ સંતોષ વૃત્તિ પ્રાપ્ત થતી નથી પરંતુ તેથી તૃષ્ણા ઉલટી વધતી જાય છે, જેથી આત્મામાં કયારે પણ સત્ય શાંતિનો અનુભવ થઇ શકતો નથી પણ અશાંતિનો યા દુઃખનોજ કડવો અનુભવ કરવો પડે છે. આવો કડવો અનુભવ જ્ઞાની-વિવેકીને કરવો પડતો નથી. કેમકે તે ભ્રાન્તિ રહિત હોય છે. જેમ ભ્રાન્તિ રહિત માણસ સત્ય માર્ગનો નિર્ધાર કરી સત્ય માર્ગેજ ચાલી ઇષ્ટ સ્થાને પહોંચી શકે છે તેમ ભ્રાન્તિવાળો અજ્ઞાની જીવ પહોંચી શકતો નથી. ભ્રાંતિવંત ખોટી વસ્તુને સાચી માની લઇ તે લેવા પ્રયત્ન કરતાં તેમાં ફસાઇને દુઃખી થાય છે તેમ ભ્રાન્તિ રહિત જ્ઞાની-વિવેકી દુઃખી થતો નથી કેમકે તેનો પ્રયત્ન તો ભ્રાંતિ રહિત સત્ય જ્ઞાન અને શ્રદ્ધાના આધારેજ થતો હોવાથી તેને અમોઘ-સત્ય ફળજ પ્રગટે છે જેથી આત્માને એકાંત લાભ સુખ શાંતિ રૂપજ સંભવે છે. વળી જ્ઞાની-વિવેકી ભ્રાંતિ રહિત પણ સત્ય દિશામાં પ્રવર્તી જેમ જેમ સત્ય સ્વભાવિક સુખ શાંતિ મેળવતો જાય છે તેમ તેમ અધિકાધિક વીર્યોલ્લાસ વધવાથી સત્ય દિશામાં ઉત્સાહભર પોતાનો પ્રયત્ન વધારતો જાય છે અને અધિકાધિક શાન્તિને અનુભવતો જાય છે. એ સર્વ પરપુદ્ગલિક તૃષ્ણા તજી સત્ય સ્વભાવિક સંતોષ વૃત્તિ સેવવાનુંજ પરિણામ હોવાથી સુજ્ઞજનોએ સત્ય સુખની પ્રાપ્તિ માટે તેજ સદાય સેવવા યોગ્ય છે અને પર પુદ્ગલિક તૃષ્ણા સદાય તજવા યોગ્ય છે. કેમકે તે ઉભય પરસ્પર વિરોધીજ છે. એ વાત શાસ્ત્રકાર યુક્તિસહ જણાવી સત્ય દિશા આદરવાજ ફરમાવે છે.

पुद्गलैः पुद्गलास्तृप्तिं, यान्त्यात्मा पुनरात्मना ॥
परतृप्तिसमारोपो, ज्ञानिनस्तन्न युज्यते ॥ ५ ॥

ભાવાર્થ—પુદ્ગલો વડે પુદ્ગલ તૃપ્તિને પામે છે અને જ્ઞાનાદિક આત્મ ગુણોવડે આત્મા તૃપ્તિ પામે છે, માટે પુદ્ગલિક તૃપ્તિને સાચી તૃપ્તિ માનવી એ જ્ઞાની-વિવેકીનું કર્તવ્ય નથી. ખોટી અને ક્ષણિક પુદ્ગલિક તૃપ્તિનો અનાદર કરીને સત્ય અને શાશ્વતી સહજ તૃપ્તિનોજ સ્વીકાર કરનાર ખરો જ્ઞાની-વિવેકી હોય છે. બાકી મોટી મોટી વાતો કરીને વિરચી રહી, પુદ્ગલિક સુખમાં રચ્યા પચ્યા રહેનારા જ્ઞાની હોવા ઘટતા નથી.

વિવેચન—ખાન પાન ઔષધ ઉપચાર વસ્ત્ર આભૂષણ વિગેરે અનુક્રમે પુદ્ગલિક વસ્તુઓવડે દેહ પોષાય છે અને શાતા પામે છે. કેમકે ખાન પાન ઔષધાદિક તેમજ દેહ એ સર્વ સમાન ધર્મવાળા ( સરખા સ્વભાવવાળા ) પુદ્ગલો છે. જેમ સમ સ્વભાવીની પરસ્પર ગોષ્ઠી સુખકારી નીવડે છે, તેમ ખાનપાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક પુદ્ગલથી દેહ–પુદ્ગલને સુખ મળે છે. પરંતુ આત્માને સુખ તો દર્શન ાન ચારિત્રાદિક નિજ સ્વભાવિક ગુણના પરિચયથીજ સંભવે છે. કેમકે જેમ નની જ્યોતિ રત્નમાં અભેદ ભાવે રહે છે અને તેને શોભાવે છે, તેમ દર્શન ાનાદિક ગુણો આત્મદ્રવ્યમાં અભેદ ભાવે રહે છે, અને આત્માને સુખરૂપ ાય છે. તેથી જ સદ્વિવેકી સજ્જનો પરપુદ્ગલિક પ્રીતિ તજીને નિજ ગુણ ભ્યાસમાં જ પ્રીતિ જોડે છે અને યોગ્ય અધિકારી જનોને તેવો જ સદુપદેશ ાપે છે. પરપુદ્ગલિક વસ્તુમાં તેઓ કદાપિ રતિ ધારતા નથી. શ્રીમાન્ ગ્રંથ- ારે જ શાસ્ત્રાદિ તંત્રમાં જણાવ્યું છે કે.

" રાચે સાચે ધ્યાનમેં, જાચે વિષય ન કોઇ;
નાચે માચે મુગતિ રસ, આતમ જ્ઞાની સોય"

મતલબ કે જેના ઘટમાં તત્ત્વજ્ઞાન રૂપ દિવ્ય દીપક પ્રગટ્યો છે તે સદ્- ધ્યાનમાંજ મસ્ત રહે છે, તેમાંજ રૂચિ–પ્રીતિ ધારે છે. કોઇ પણ પ્રકારના વિષય સુખની કામના કરતો નથી. સમસ્ત વિષય વિકારથી રહિત બની કેવળ શાંત સુધારસનું જ પાન કરે છે. તેજ ખરો આત્મજ્ઞાની પુરૂષ મોક્ષનો અધિકારી હોઇ શકે છે. તેવા આત્મજ્ઞાની મહા પુરૂષો અંતરમાં જે સુખ સમાધિનો અનુભવ કરે છે તેનો શુષ્ક જ્ઞાની અથવા અજ્ઞાની જીવોને સ્વપ્નમાં પણ ખ્યાલ આવી શકતો નથી. એમ શાસ્ત્રકાર જણાવે છે.

मधुराज्यमहाशाका, ग्राह्ये वाह्ये च गोरसात् ॥
परब्रह्मणि तृप्तिर्या, जनास्तां जानतेऽपि न ॥ ६ ॥

**ભાવાર્થ—પુદ્ગલિક સુખના આશી વડે અગ્રાહ્ય તથા અવાચ્ય એવા પરબ્રહ્મમાં જે** તૃપ્તિ રહેલી છે તે વિષયરસના આશીજનો જાણી પણ શકતા નથી. પુદ્ગલિક સુખના રસિયા તો વિવિધ વિષયરસમાંજ સાર સુખ સમજી નિત્ય રચ્યા પચ્યાજ રહે છે. સિદ્ધ પરમાત્મદશામાં કેવું અને કેટલું સુખ રહેલું છે, તેનો તેમને સ્વપ્નમાં પણ ખ્યાલ આવતો નથી.

વિવેચન—શુદ્ધ આત્મ સ્વરૂપમાં રમણતા યોગે યોગીન્દ્ર પુરૂષોને જેવું અતી- ન્દ્રિય અનુપમ સુખ સંભવે છે, તેવું સુખ વિધ વિધ જાતિનાં ભોજન જમવાથી કે વિશાળ રાજ્ય સમૃદ્ધિ ભોગવવા માત્રથી કદાપિ સંભવતું નથી. કેમકે ભોજનાદિકવડે થતું સુખ ક્ષણિક અને નિઃસાર છે ત્યારે સ્વ સ્વરૂપ રમણતા જન્ય સુખ વચનથી વર્ણવી ન શકાય તેવું શુદ્ધ, સ્વભાવિક, અનુભવગમ્ય, અક્ષય અને નિરૂપાધિક છે. જેમ અગ્નિમાં ઘી વિગેરેની આહુતિ કરવાથી અગ્નિ અધિક પ્રદિપ્ત થતો જાય છે તેમ ખાન- પાનાદિક પુદ્ગલનો જરૂર વગર પ્રમાણ રહિત પરિચય કરવાથી વિષય તાપની

For Private And Personal Use Only

સાસાયટી

વૃદ્ધિજ થાય છે. તેવા વિષય તાપને શાંત કરવાનો ખરો પુષ્ટ સંતોષ રૂપ અમૃતની વૃષ્ટિજ છે. ઉક્ત સંતોષ રૂપ સદ્ ઉપાયનો અનાદર કરી મુગ્ધ-અજ્ઞાની જીવો વિષય તાપને શાંત કરવા માટે વિષય રસનુંજ સેવન કરે છે તેથી તે બાપડા શાન્તિ મેળવવાને બદલે કેવળ અશાન્તિ-સંતાપનેજ મેળવે છે. પુદ્ગલિક સુખના આશીજનો પ્રાપ્ત વિષયસામગ્રીનો વિરહ ન થાય તે માટે અથવા નહિ પ્રાપ્ત થયેલી એવી વિષયસામગ્રી પોતાને પ્રાપ્ત થાય તે માટે અહોનિશ ચિંતા રૂપી બાળની ચિતામાં પચાયાજ કરે છે. તેથી તેમને ક્ષણભર પણ ખરી શાન્તિ મળતી નથી. તેમાંના કોઇ, કોઇ પ્રકારની તો કોઇ, કોઇ પ્રકારની ચિંતા રૂપ અગ્નિમાં દગ્ધ થયેલા હોય છે. એ વાત સહુ કોઇને સુવિદિત છે. **भोगे रोग भयं** એ વચન પ્રમાણે વિષયાતુરને પગલે પગલે ભય રહેલો છે. ઉક્ત સર્વ પ્રકારની ચિંતા અથવા ભયથી રહિત કેવળ શુદ્ધ સ્વરૂપ રમણી--શુદ્ધ આત્મ સ્વરૂપમાંજ રમણ કરનાર મુનિ મહાત્મા જ હોઇ શકે છે. તેવા આત્મારામી મુનિ મહાત્મા જે અખંડ અબાધિત અંતરંગ સુખશાન્તિ વેદે છે તેને પુદ્ગલાનંદી-પુદ્ગલનાજ આશી એવા પામર પ્રાણીઓ ક્યાંથી જાણી શકે ? પરવસ્તુમાં લાગેલી અનંતી મમતા યોગે પોતાના અમૂલ્ય આત્મદ્રવ્યનુંજ તેમને ભાન થતું નથી તો તેમાં રમણતા કરવાની તો વાતજ કેવી !

વિષય રસના આશી પુદ્ગલાનંદીની એવી દુર્દશા શા આધારે જાણી શકાય ? તેનું શાસ્ત્રકાર પોતેજ સમાધાન કરે છે.

विषयोर्मिविषोद्गारः, स्यादतृप्तस्य पुद्गलैः ॥
ज्ञानतृप्तस्य तु ध्यान--सुधोद्गारपरंपरा ॥ ७ ॥

ભાવાર્થ—સત્ય સંતોષ રહિત-અસંતોષીને પુદ્ગલો વડે વિવિધ વિષમય વિષનાજ ઉદ્ગાર આવે છે અને સત્યજ્ઞાન-સંતોષીને તો ઉત્તમ એવા ધ્યાનામૃતનાજ ઉદ્ગારની પરંપરા આવે છે. જીવ જેવો આહાર કરે છે તેવોજ તેને ઓડકાર આવે છે. નિરંતર પુદ્ગલિક સુખમાંજ રચ્યા પચ્યા રહેનારાને વિષયવાસનાનીજ પ્રબળતાથી તેવા ઝેરી ઉદ્ગાર આવે છે અને તત્વ જ્ઞાનમાંજ તૃપ્તિ માની મગ્ન રહેનારા મહા પુરૂષને તો નિર્મળ ધ્યાનામૃતનાજ ઉત્તમ ઓડકાર આવ્યા કરે છે. એમ નિર્ધારીને સર્વ પ્રકારની વિષય આશા તજીને તત્વ જ્ઞાનમાંજ પ્રીતિ જગાવવી, જેથી શુદ્ધ ચૈતન્યની જાગૃતિથી અનુપમ ધ્યાનામૃતની વૃષ્ટિ થશે અને અનાદિ અવિવેકજન્ય વિષયતાપની ઉપશાંતિથી સહજ શીતલતા છવાઈ જશે. પરંતુ યાદ રાખવું કે આ સર્વ વિવિધ વિષયપાસ છેદવાથી બની શકશે.

વિવેચન—સહુકોઇના અનુભવની વાત છે કે જેવો આહાર કરવામાં આવે છે તેવે ઓડકાર આવે છે. તે ન્યાયે પુદ્ગલોવડે અતૃપ્ત એટલે વિષ વિષયરીતે પુદ્ગલોનોજ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંગ—પરિચય કરવાને આતુર બનેલા પુદ્દગલાનંદી જીવોને વિષયવાસનાની પ્રબળતાથી અને વિષય વાસનાનીજ પુષ્ટિથી વિષય રસના ઉછાળાવાળા વિષમય ઉદ્દગાર ( ઓડકાર ) જ આવ્યા કરે છે. તેમના મન વચન અને કાયા તેવા વિષમય તત્ત્વથી જ ભરેલા હોવાથી સંતપ્ત રહે છે. તેમાં બીજા શુભ શાંત રસના અણુઓ સ્થિતિ પરિણામને પામીજ શકતા નથી તેથી પ્રબળ વિષય વાસનાવંતને કંઇ પણ શાન્તિ સંભવતી નથી. ફલિતાર્થ એ છે કે અંતર શાંતિના અર્થીજનોએ પ્રબળ વિષયવાસનાને મંદ કરવાને તેમજ તેને અનુક્રમે નિર્મૂળ કરવાને અખંડ પ્રયત્ન સેવવો જરૂરનો છે. શુભ પુરૂષાર્થયોગે એમ બની શકે છે અને ખરી શાન્તિનો લાભ મેળવી શકાય છે. જ્ઞાની—વિવેકી સજ્જનો સત્પુરૂષાર્થવડે શાંતિનો અનુભવ કરી શકે છે તે તેમના પ્રશસ્ત વિચાર, પ્રશસ્ત ઉચ્ચાર ( વાણી ) અને પ્રશસ્ત આચાર ( વર્તન ) ઉપરથી સિદ્ધ થાય છે. તેમના મન વચન અને કાયા એવાં અમૃતમય શાંત તત્ત્વથી ભરેલાં હોય છે કે તેથી તેમના આત્મામાં અખંડ શીતળતા વ્યાપી રહે છે. એટલુંજ નહિં પણ ત્રિભુવનવર્તી જનોને પણ તે અનેક રીતે ઉપકારક નીવડે છે. મતલબ કે જે મહાનુભાવોને સ્વરૂપ રમણતા જાગી છે, ઉત્તમ ચારિત્રમાંજ લય લાગી છે, જેમાં લેશ માત્ર પરભાવનો સંચાર સંભવતો નથી તેવા યોગી મહાત્માઓ જે આત્મશાન્તિ અનુભવે છે તે તેઓજ કે સર્વજ્ઞજ જાણી શકે છે.

હવે આત્મારામી અને પુદ્દગલાનંદીના સુખમાં કેટલું તારતમ્ય છે તે શાસ્ત્રકાર દ્રષ્ટાંત દ્વારા સિદ્ધ કરી બતાવે છે.

> सुखिनो विषयाऽतृप्ता, नेंद्रोपेंद्रादयोऽप्यहो ॥
> भिक्षुरेकः सुखी लोके, ज्ञानतृप्तो निरंजनः ॥ ८ ॥

ભાવાર્થ—વિષય સુખથી તૃપ્તિ નહિ પામેલા—અસંતુષ્ટ એવા ઇંદ્ર ઉપેંદ્રાદિક પણ તત્ત્વતઃ સુખી નથી, કિંતુ તત્વજ્ઞાનથી તૃપ્ત કર્મકલંક મુક્ત એવા એક મુનિજ લોકમાં સુખીયા છે. વિષયતૃષ્ણાને તોડીને સહજ સંતોષ ધારવામાં જ ખરૂં સુખ સમાયેલું છે.

વિવેચન—ગમે તે દેવ દાનવ કે ઇન્દ્ર તેમજ રાજા મહારાજા કે ચક્રવર્તી જે વિષયસુખના આશી છે. પુદ્દગલમાં આનંદ માનનાર છે તે ભલે બાહ્ય દેખાવ માત્રથી પુદ્દગલના માત્ર ઉપચયથી સુખી જણાતા હોય તો પણ વસ્તુગતે તેઓ સુખી નથીજ પણ દુઃખી છે. જ્ઞાની પુરૂષો પરિણામદર્શી હોય છે, તેથી જે કલ્પિત સુખના અંતે દુઃખજ રહેલું હોય તેને તે સુખ લેખતા નથી પણ દુઃખજ લેખે છે. એ નિયમ અનુસારે પ્રબળ વિષય વાસનાથી ભરેલા ઇંદ્રાદિક સઘળા દુઃખીજ છે. સુખી નથીજ. કહ્યું છે કે ' વિષય ભોગ ભોગવતાં મીઠાં મધુર લાગે છે પરંતુ પરિણામે તે કિંપાકના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાગની પેરે, ખરજ ખણવાની પેરે, તેમજ મધ્યાન્હ સમયે દેખાતા ઝાંઝવાના જળની પેરે સતત સુખની ભ્રાન્તિવડે દુઃખદાયી નીવડે છે. કેમકે રાગાંધ પણે કામવિકારને સેવન કરતાં મહા માઠી ગતિમાં બહુવાર જન્મ મરણનાં દુઃખ સહેવાં પડે છે. તેથી વિષય ભોગજ પ્રાણીઓના કટ્ટા દુશ્મન છે." આવા હીસાબે ઇંદ્ર સરખા પણ સુખી નથી પણ દુઃખીજ છે. ત્યારે જગતમાં સુખી કોણ છે? તેવો પ્રશ્ન થતાં તેનું શાસ્ત્રકાર સમાધાન કરે છે કે સર્વજ્ઞ સર્વદર્શીની અથવા તત્ત્વજ્ઞાની પુરૂષની નજરમાં મુનિ મહાત્માજ ખરા સુખી છે. કેમકે તેઓ રાજહંસની પેરે કેવળ જ્ઞાનામૃતમાંજ સંતુષ્ટ રહી સકળ વિષય વિકારનો સર્વથા ત્યાગ કરે છે. તેઓ વિષયરાગમાં રંગાતા નથી એટલે વિષય પાસમાં પડતા નથી, પણ સદાય સાવધાનપણે શુદ્ધ આત્મસ્વરૂપમાંજ રમણતા કરે છે. તેઓ વિવિધ પ્રકારે તપ સંયમથી આત્મ દમન કરે છે. એટલે સંયમવડે અભિનવ કર્મ (આશ્રવ) ને આવતાં અટકાવે છે અને અદ્ભુત ક્ષમાયુક્ત તપસ્યાવડે બહુ પેરે કર્મની નિર્જરા (ક્ષય) કરે છે. એવી રીતે અનુક્રમે સમસ્ત કર્મનો સર્વથા અંત કરી તે મહાશય મુનિ મોક્ષરૂપ પરમ નિરૂપાધિક પરમાત્મ પદને પ્રાપ્ત થાય છે. એવી સન્મતિ સહુ કોઇ ભવ્ય આત્માઓને જાગો! ઇતિ શમ્.

# શીલ ધર્મ.

## સનત્કુમાર ને શૃંગારસુંદરી.

(અનુસંધાન પૃષ્ઠ ૧૧૭ થી.)

આ પ્રમાણે મુનિની કહેલી પોતાના પૂર્વ ભવની કથાનો તાત્પર્યાર્થ સમજીને બુદ્ધિના ભંડારરૂપ, અધિક સત્ત્વને ધારણ કરનાર અને સંસારરૂપી અરણ્યને ઉલ્લંઘન કરવામાં ઉદ્યમવંત એવા સનત્કુમારે મુખ કમળને વિકસ્વર કરીને કેવળ જ્ઞાનવડે સૂર્યરૂપ ગુરૂ પ્રતે આ પ્રમાણે કહ્યું કે-"હે સત્ચારિત્રધારી મુનિરાજ! આપનું જે પવિત્ર ચરિત્ર મેં સાંભળ્યું, તેની યોગ્યતા તો ત્યારે જ પ્રાપ્ત થાય કે જ્યારે હું ઉત્તમ વ્રત (ચારિત્ર)ને ધારણ કરૂં. પરંતુ રથને વહન કરવામાં નાના વાછરડાની જેમ તેવા વ્રતને વહન કરવાને હું હમણા શક્તિમાન નથી, તો પણ સર્વ અનર્થનું નિવારણ કરનાર સ્વદારસંતોષ વ્રતનું હું આચરણ કરીશ." તે સાંભળીને દાંતના કિરણો વડે જેના આદેશ રૂપી ચંદ્રોદયનું સૂચન થતું હતું, એવા અને ઉચિતતારૂપી કલ્પલતાની ઉત્પત્તિ ભૂમિ જેવા મુનીશ્વર બોલ્યા કે—"કુશળ રાજપુત્ર! તત્ત્વને જાણવાથી તેં જે સ્વબુદ્ધિવડે અભિગ્રહ ધારણ કર્યો છે તેનાથી જ તારો ભવરૂપી દાવાનળ શાંત થશે. જે ગૃહીએ પરસ્ત્રીનો ત્યાગ કર્યો છે, તેણે સિદ્ધિ રૂપી સ્ત્રીની સાથે ક્રીડા કરનારાં ઉજવળ શીલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ાલન કર્યું છે, એમ સમજવું. જે પુરૂષ ઇંદ્રિયોના વિષયોથી વિરક્ત થઇ સ્વ
સ્ત્રીને વિષે સંતોષી હોય, તે ગૃહસ્થી છતાં પણ પોતાના શીલવ્રત વડે યતિ
જેવો જ કહેવાય છે. જગતને વિષે પ્રીતિ આપનાર સર્વ ભૂષણોમાં એક શીળજ
શ્રેષ્ઠ પ્રશંસનીય છે, કેમકે તેનાથી ભૂષિત થયેલો આ જીવ મુક્તિરૂપી સ્ત્રીનો
પ્રિય ( પતિ ) થાય છે. તેથી હે કુમાર ! તેં અત્યંત સારભૂત વ્રત ગ્રહણ કર્યું
હે ભવ્ય ! આજથી તે વ્રતના આરાધનમાં તારે વિશેષે કરીને પ્રમાદ રહિત
થવું." આ પ્રમાણે ગુરૂએ કહ્યું, ત્યારે રાજકુમાર દીનતા રહિત બોલ્યો કે–" હે
પ્રભુ ! આપના પ્રસાદથી ( કૃપાથી ) મારો નિયમ પ્રમાણતાને પામશે. " આ
પ્રમાણે પવિત્ર અંતઃકરણવાળી અને કરૂણાના સાગરરૂપ શૃંગારસુંદરી પણ ગુરૂ-
ને પ્રણામ કરીને વિનતિ પૂર્વક બોલી કે—"હે પૂજ્ય ! અતિ શ્રદ્ધાવાળી હું
જીવન પર્યંત મન, વચન અને કાયા વડે શુદ્ધ એવા પરપુરૂષના પરિહાર રૂપ
વ્રતને અંગીકાર કરૂં છું " ત્યારે ગુરૂ બોલ્યા કે–" હે પુત્રી ! તું ખરેખર શૃં-
ગારસુંદરી છે. કેમકે સમકિત દર્શનવાળાને ક્ષમાની જેમ સ્ત્રીઓનો શૃંગાર શીળ
છે." પછી ગુરૂએ સનત્કુમાર અને શૃંગારસુંદરીને વિધિ પૂર્વક દૃઢ અભિ-
ગ્રહ કરાવ્યો. (પચ્ચખાણ આપ્યું.) પછી "હે પ્રભુ ! ફરીને પણ મને આપનું
દર્શન સુલભ થાઓ " એમ કહીને ગુરૂને નમસ્કાર કરી સભ્ય જનોવડે સ્તુતિ
કરાતો રાજકુમાર પોતાની ભાર્યા સહિત સભામાંથી પુણ્યરૂપ સંબળ લઇને જેમ
ઉદ્યોગી માણસ પરદેશમાંથી દ્રવ્ય ઉપાર્જન કરીને સ્વસ્થાને જાય, તેમ સ્વસ્થાને
ગયો. પછી સમગ્ર કાર્ય કરીને તથા આનંદ વિગેરે સાધર્મિકોનો સત્કાર કરીને
ફરીથી પ્રયાણ કર્યું.

માર્ગમાં દરેક ગામમાં અસાધારણ મંગળોને ગ્રહણ કરતો પ્રચંડ ભુજ-
બળવાળો કુમાર અખંડ ( નિરંતર ) પ્રયાણો વડે પોતાની નગરીએ પહોંચ્યો
શ્રીકાંતા નગરીમાં મોટા ઉત્સવ પૂર્વક તેણે પોતાની પ્રિયા સહિત પ્રવેશ
કર્યો. તે વખતે પુરજનોએ દરેક દુકાનોમાં વિચિત્ર શોભા કરી હતી, અને તેના
દર્શનથી ક્ષોભ પામેલી સ્ત્રીઓ વ્યાકુળ વ્યાકુલ થતી હતી. તે બન્નેનું પાણિગ્રહણ
જોઇને નગરની સ્ત્રીઓ શૃંગારસુંદરીને ધન્ય માનતી હતી, અને પુરૂષો રાજકુમા-
રને ધન્ય માનતા હતા, તથા તે બન્ને પરસ્પર ( એક બીજાને ) ધન્ય માનતા
હતા. ચંદ્રની પ્રિયા ચંદ્રિકાની જેમ પુત્રની તે પ્રિયાને જોઇને રાજા પણ સમુ-
દ્રની જેમ અત્યંત આનંદ પામ્યો.

પછી તે સનત્કુમારે કામદેવની મંગળકારક પ્રફુલ્લિત માળા જેવી તે બાળા
સાથે કયા કયા વિલાસવડે ક્રીડા ન કરી? સર્વ વિલાસવડે ક્રીડા કરી. અન્યદા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વસંતઋતુ પણ રતિ સહિત રહેલા પોતાના મિત્ર કામદેવની ભ્રાંતિએ પ્રિયા સહિત રહેલા તે કુમારની સેવા કરવા માટે સ્વર્ગથી પૃથ્વી પર આવ્યો-ઉતર્યો. તે વખતે જેણે પુષ્પના મધુનું પાન કર્યું છે એવો મલયાચળ પર્વતનો વાયુ ભ્રમરાના શબ્દો વડે ગાયન કરતો હોય અને આનંદથી આમ તેમ મંદમંદ વાવા લાગ્યો. શત્રુરૂપ શિશિર ઋતુએ જેનું કિરણોરૂપ સર્વસ્વ લઈ લીધું છે, એવો સૂર્ય તે વખતે કુબેરની દિશા(ઉત્તર)નો આશ્રય કરીને લક્ષ્મીવાળો ( કિરણવાળો ) થયો. કામદેવ રૂપી વીર, વૃક્ષોપરથી જાણે પુષ્પોને ગ્રહણ કરવા ઇચ્છતો હોય તેમ નવ પલ્લવના મીષથી આંગળીઓને અત્યંત પ્રસારવા લાગ્યો. કામદેવની ક્રીડા માટે થતા નાટકની નાંદીના શબ્દો હોય, તેમ ઉદ્યાન રૂપી નાટકશાળામાં પ્રીતિ પૂર્વક કોયલોના મધુર કુહૂરવ ( ટૌકા ) થવા લાગ્યા. ભ્રમરાના ઝુંકારવાળી રતિ લોકોમાં કામદેવના યશનું ગાન કરવા લાગી. અને ધ્વનિ કરતા નૂપુર તથા હંસના શબ્દવડે નૃત્ય કરવા લાગી. વિયોગવાળી સ્ત્રીઓને બાળતો અને આખા જગતમાં વ્યાપેલો જાણે કામદેવનો પ્રતાપ હોય તેવો પુષ્પોના સમૂહમાંથી પરાગ નીકળવા લાગ્યો. કામદેવની જગતના વિજયથી પ્રાપ્ત થયેલી કીર્તિ હોય, તેવા શ્વેત પુષ્પો ખીલવા લાગ્યા અને તેનાપર પરાજય પામેલાઓના અપયશો હોય, તેમ શ્યામ ભ્રમરાઓ બેસવા લાગ્યા. આવી વસંત ઋતુએ પુષ્પોના સમૂહવડે જગત જનોના પ્રાણોને સુગંધી કરવાથી કોને કોને આનંદ ન આવ્યો ? સર્વને આનંદ આવ્યો. આવા સમયે રાજકુમાર વાસંતી રાજાની પુત્રી ( શૃંગારસુંદરી ) સહિત વસંત ઋતુવડે સુંદર એવા ક્રીડોદ્યાનમાં ક્રીડા કરવા ગયો.

ત્યાં આકાશ, જળ અને સ્થળમાં રહેલી દેવીઓએ સ્પૃહા પૂર્વક જોયેલો સનત્કુમાર પોતાની પ્રિયા સાથે અનેક પ્રકારના વિલાસો કરવા લાગ્યો. અહીં તહીં ક્રીડા કરતા તે કુમારને પુષ્પ રૂપી હાસ્યને ધારણ કરતા વસન્તે જાણે શરીરધારી પોતાનો મિત્ર કામદેવજ હોય તેમ જોયો. ક્રીડાપર્વતના રત્નશિખરને વિષે અને ક્રીડાવાપીના જળને વિષે પોતાનું પ્રતિબિંબ જોઈને તે કુમારને સ્વયંવર વખતની માયાનું સ્મરણ થવા લાગ્યું. ત્યાર પછી વિલાસની સીમાએ પહોંચવાને ઉત્સુક થયો હોય તેમ કુમાર કામદેવના વિમાન સદૃશ હીંડોળાપર આરૂઢ થયો. શૃંગાર સુંદરીના હાથથી નંખાએલા તેના હીંચકા વડે તે પુણ્યશાળી કુમારને જે હર્ષ થતો હતો તે માત્ર તેનું મનજ જાણતું હતું. એપ્રમાણે હીંચકા ખાતાં તુટી પડેલી તે કુમારની પુષ્પમાળા તેના પાદપ્રહારથી હણાયેલા આકાશના તારાઓ હોય તેની શોભાને લાગી. અહો ! તે બન્નેનું પ્રેમથી એક ચિત્તપણું કેવું છે ? કે જેથી શૃંગાર સુંદરીને પણ હીંચકા ખાવાની ઇચ્છા થઇ. તે જાણીને તેણીને હીંચકાપર બેસાડવા કુમાર નીચે ઉતર્યો અને રોમાંચિત થયેલા કુમારે રોમાંચિત થયેલી તે બાળાને બે બાહુવડે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉંચી કરીને પોતાના આત્માની જેમ આનંદની શિખા રૂપ તે હીંડોળાપર આરોપણ કરી ( બેસાડી ).પછી કામદેવે દેવતાઓના જયને માટે જેની અંદર વિષ્ણુ રહેલા છે એવી શક્તિનેજ જાણે યંત્ર વડે ઉછાળી હોય, તેમ કુમારે તે બાળાને હીંચકા વડે આકાશમાં દૂર ઉછાળી અર્થાત ઘણા મોટા હીંચકા નાખવા માંડ્યા. તેના ગમનાગમન વડે કાંતિની રેખા કરનારૂં તેણીનું શરીર કસોટીના પાષાણ જેવા શ્યામ આકાશમાં સુવર્ણની જેવું શોભવા લાગ્યું. મોટા મોટા હીંચકા વડે વારંવાર આકાશમાં જઇને સ્વર્ગની સ્ત્રીઓના વર્ગને હણીને પાછી ઉતરતી તે બાળાને કુમાર કૌતુક વડે જોવા લાગ્યો. હીંડોલાની ક્રીડાના ઉત્કર્ષથી તુટી ગયેલા તેણીના હારના મોતીઓ ચોમેર ઉડવાથી સનત્કુમારે દિવસે પણ ઘણા તારાવાળું આકાશ જોયું. તેવા પ્રકારના વિલાસના વેગથી જેને કામનો ઉદય થયો છે, એવા કુમારને પ્રિયાના અંગોને આલિંગન કરવાનો ગાઢ મનોરથ થયો. તેથી ઉત્સુક થયેલા તે કુમારને આકાશથી હીંડોલાને ઉતરતાં થતો માત્ર અર્ધ નિમેષ જેટલો વિલંબ પણ સો વર્ષ કરતાં અધિક લાગ્યો. પછી હીંડોલાને પકડીને સ્થિર કરી જુએ છે તો હીંડોળા પર શૃંગારસુંદરીજ નથી. તેણીને હીંડોળાપર નહીં જોવાથી હા ! હા ! એમ બોલતો તે કુમાર મૂર્છા ખાઇને પૃથ્વી પર પડ્યો. તરતજ 'આ શું થયું ?' એમ ગભરાટથી બોલતા પરિજને તે કુમારને પુષ્પનો રસ છાંટીને મૂર્છા રહિત કર્યો. તે વખતે 'હા પ્રિયા ! તું ક્યાં ગઇ ?' એમ ગદ્ગદ્ સ્વરે બોલતો અને પૃથ્વીપર મસ્તક પછાડતો તે કુમાર ફરીથી મૂર્છા પામ્યો. 'હે મહાવીર ! આશ્વાસન પામો. હે બુદ્ધિના ભંડાર ! આશ્વાસન પામો' એમ વારંવાર બોલતા પ્રધાનો તેને શીતોપચાર કરવા લાગ્યા. કુમાર મૂર્છામય અંધકારનો ત્યાગ કરીને તથા શોકમય અંધકારનો આશ્રય કરીને વૃક્ષોને પણ વિલાપ કરાવતો વિલાપ કરવા લાગ્યો. પાસે આવીને બેઠેલા અશ્રુ સહિત નેત્ર વાળા અને દીન થઇ ગયેલા ક્રીડાપક્ષીઓ તથા મૃગોને જોઇને તેના પ્રત્યે લાંબે સ્વરે તે બોલવા લાગ્યો કે—"હે દીન હંસ ! તેણીના કરસ્પર્શથી વિયુક્ત થયેલા તને હવે લક્ષ્મીના કમળને વિષે પણ કેમ આનંદ થશે ? હે બપૈયા ! તેણીના સ્નાન કરેલા કેશોમાંથી ઝરતા બિંદુઓ આજ સ્મરણ કરવા યોગ્ય થવાથી ( નહીં હોવાથી ) દીન થઇને કેમ મેઘ થકી જળની ઇચ્છા રાખે છે ? હે મયૂર ! જે [1] કરતાલિકાથી [2] મયૂરવાહનની માતા પણ શંકર વડે અર્ધી ( અર્ધા દેહવાળી ) થઇ ગઇ છે તેની કરતાલિકાને તું ક્યા નૃત્યમાં સાંભળે છે ? હે હરણ ! વાયુના અશ્વપણાને ભજતો તું સર્વ [3] ગામી છે, તેથી તને ભાગ્યશાળીને તે સુંદરી કોઇ પણ ઠેકાણે મળશે પરંતુ અમે તો હણાઇજ ગયા છીએ. હે કોકિલ ( કોયલ ) ! હવે તું કેમ ગર્વિષ્ઠ થઇને મધુર

---

૧ હાથની તાળી ૨ કાર્તિક સ્વામીની માતા પાર્વતી ૩ સર્વ ઠેકાણે જનારો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શબ્દ કરતો નથી ? કેમકે આજ ગર્ભના ગર્ભને હરણ કરનારો તેણીનો સ્વર ... છે." આ પ્રમાણે આર્ત ( દીન ) સ્વરે વિલાપ કરતા તે કુમારને જોઇને ... એના મુખમાંથી પણ ધૈર્ય તજીને પોકારના શબ્દો નીકળવા લાગ્યા.

પછી પ્રિયાના વિયોગની દુઃખ પીડાને સહન કરવામાં અશક્ત એવા તે કુમારે ચાલતા હીંડોળા સાથે પોતાનો દેહ બાંધીને આકાશમાં મૃત્યુ કરવાનું ઇચ્છ્યું. ... સમયે આ સર્વ સમાચાર જાણીને રાજા પોતે ત્વરાથી કુમારને આશ્વાસન દેવા ... નમાં આવ્યો. તેમને જોઇને લજ્જાથી મસ્તકને નમાવતો અત્યંત ગૂઢ ... કુમાર પિતાને પ્રણામ કરવાના મીષથી પોતાના આત્માને સંતાડવા લાગ્યો. રાજાએ કુમારને પોતાના ઉત્સંગમાં બેસાડીને વારંવાર આલિંગન કર્યું. અને પછી કુમારને લઇ શિબિકામાં બેસીને તે પોતાને મંદિરે ગયો. તે વખતે " મારી સન્મુખ આવી પ્રિયાને હરણ કરી, માટે મારા શૌર્યને ધિક્કાર છે. " એમ વિચારીને જાણે લજ્જા પામ્યો હોય, તેમ સૂર્ય પણ તેજરહિત થઇ બીજા દ્વીપમાં ગયો, અર્થાત્ અસ્ત પામ્યો.

તપેલા લોહના ગોળા જેવું સંધ્યાથી રક્ત થયેલું આકાશ જાણે કુમારના વિરહાગ્નિની જ્વાળાથી તાપ પામ્યું હોય તેમ લાગતું હતું. તે વખતે કુમારના હૃદયમાંથી ઉભરાઇ જતો શોકસમુદ્ર અંધકારસમૂહના મીષથી આકાશના ઉદરમાં ભરી દેતો દેખાતો હતો. કુમારના વૃદ્ધિ પામતા નિઃશ્વાસની જ્વાળા સમૂહના વશથી જાણે આકાશમાં ફોલ્લાનો સમૂહ સ્પષ્ટ રીતે દેખાતો હોય તેમ તારાનો સમૂહ દેખાતો હતો. તેના મનરૂપી ગૃહને બાળતા વિરહાગ્નિમાંથી ઉડેલા તણખા જેવા તેવા હરેક ઘેર દીવાઓ દેખાતા હતા. થોડી વાર પછી આકાશમાં ચંદ્રનો ઉદય થયો તે જાણે કામદેવે કુમારપર ઉજ્વલ યંત્રપાષાણ ફેંક્યો હોય તેવો જણાતો હતો. જેમ જેમ પૃથ્વીતળ ઉપર ચંદ્રની ચંદ્રિકા ગાઢ થતી ગઇ તેમ તેમ કુમારનું મુખકમળ વધારે વધારે મ્લાન થતું ગયું. અમૃતની વૃષ્ટિ જેવા ચંદ્રના કિરણો પ્રિયાના પ્રેમગૃહરૂપ કુમારના દેહને વિશેષે બાળવા લાગ્યા. તેથી અસુખ ઉત્પન્ન કરનાર પરિવારનો ત્યાગ કરીને ચંદ્રથી અત્યંત ભય પામેલો કુમાર ચિત્રશાળામાં ગયો. ત્યાં તે દુઃખી કુમાર એકાંતે બેઠો સતો પ્રિયાની ચિંતામાં તલ્લીન થયો, તેટલામાં અકસ્માત દેવાંગના જેવી કોઇ સ્ત્રી કુમારની દૃષ્ટિએ પડી. તત્કાળ જેનું મન આર્દ્ર થયું પામ્યું છે એવા તથા બુદ્ધિના સાગર જેવા કુમારે કટાક્ષ નાંખવામાં ચતુર અને પરાઙ્મુખ થયેલી તે સ્ત્રીને કહ્યું કે—" હે કલ્યાણી ! તું કોણ છે ? ક્યાંથી આવી છે ? અને શા કારણથી આવી છે ? " એ પ્રમાણેના કુમારના પ્રશ્નથી હર્ષ પામેલી તે સ્ત્રી રસિકતાથી સ્પષ્ટ રીતે બોલી કે—" સૌભાગ્ય અને ભાગ્યના અદ્વિતીય સાગર સમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા ચંદ્રોદયની જેવા નેત્રવાળા હે રાજપુત્ર! સાંભળો—વૈતાઢ્ય પર્વત ઉપર રથનૂપુર ચક્રવાળ નામે નગર છે. ત્યાં ધૈર્યની સીમા રૂપ **ભીમ** નામે વિદ્યાધરોનો ચક્રવર્તી રાજા છે. તેણે ભય વડે શત્રુઓને મોહિત (મૂર્છિત) કરી દીધા છે. તે સર્વ વિદ્યાનો નિધિ છે અને અસાધારણ પરાક્રમવડે ઉદ્ધત છે. તેની હું **ભાનુમતી** નામની પટ્ટરાણી છું. હે કુશળ પુરૂષોમાં શ્રેષ્ઠ! મારૂં ચિત્ત તારા ગુણને આધીન થયું છે, તેથી હું આકાશમાર્ગે અહીં આવી છું. એકદા નિર્મળ આનંદવાળો અને મનુષ્યોમાં અગ્રેસર તે રાજા મારી સાથે વિમાનમાં બેસીને આકાશમાર્ગે ક્રીડા કરતો કરતો વાસંતી પુરીએ ગયો હતો. તે વખતે આકાશમાં રહેલા તેણે તારા કંઠને સ્વયંવરમાળાવડે વિભુષિત કરવાને ઉત્સુક થયેલી શૃંગારસુંદરીને જોઈ હતી. પછી કૌતુકથી તારા રૂપની જેવું બીજું રૂપ બનાવીને તે તારા અર્ધા આસનપર બેઠો હતો, અને સર્વ સભાને તેણે મોહ પમાડયો હતો. પછી તે બાળાએ જ્યારે બેમાંથી એકેના કંઠમાં વરમાળા ન નાખતાં પોતાનાજ કંઠમાં વરમાળા નાંખી, ત્યારે વિલક્ષ બુદ્ધિવાળો તે પિંડને (બલિદાનને) નહીં પામેલા કાગડાની જેમ ઉડીને આકાશમાં ચાલ્યો ગયો હતો. આજે તે મારી સાથે હર્ષથી ક્રીડા કરતો કરતો અહીં આવ્યો હતો. તેણે હીંડોળા ઉપર બેઠેલી અતિ ખુબસુરત અંગવાળી તારી પ્રિયાને જોઈ. એટલે તરતજ 'આ શું ?' એમ સંમોહથી નીકળતા આર્ત સ્વરવાળી તારી પ્રિયાને અનુરાગ પામેલા તેણે હરણ કરી. તે મારો પતિ તેણીની સાથે સંબંધ જોડવામાં વ્યગ્ર થયો, એટલે હું તારા પર અનુરાગ થવાથી તારી સેવા કરવાના અવસરની રાહ જોતી આકાશમાંજ સ્થીર રહી. તેણે (મારા સ્વામીએ) તો પોતાનો અનુરાગ સ્વતંત્ર હોવાથી અત્યંત પૂર્ણ કર્યો છે પરંતુ હું તો પરતંત્ર છું. મારા રાગને પૂર્ણ કરવામાં તો તમેજ સ્વામી છો, માટે કારૂણ્ય રૂપી હરણને નિવાસ કરવાના અરણ્ય સમાન અને શરણુ કરવા લાયક હે નાથ! કામદેવના બાણોવડે મારા હૃદયનું મથન થાય છે તે દૂર કરો ને મારા શરણ રૂપ થાઓ. હે ચિત્તના પતિ! હે સુંદર યૌવનવાળા! અને હે શરણ કરવા લાયક! તમારા વિરહરૂપી અગ્નિની જવાળાથી હું અત્યંત વ્યાપ્ત થઇ ગઇ છું, માટે તમે મારૂં શરણ થાઓ. હે કામક્રીડામાં નિપુણ! હે શરણ કરવા લાયક! અતિ ઉત્કટ ઇચ્છારૂપી સમુદ્રમાં મગ્ન થયેલા મારા હૃદયનું તમે શરણ થાઓ. અગણિત પુણ્ય અને લાવણ્યવાળા હે શરણ્ય! અન્ય સ્ત્રીપર આસક્ત ચિત્તવાળા પતિથી મારૂં ચિત્ત ઉદ્વિગ્ન થયું છે, માટે તમેજ મારૂં શરણ થાઓ."

આ પ્રમાણેના તે વિદ્યાધરીના વચનો સાંભળીને સુવર્ણ જેવી કાંતિવાળો, તત્વજ્ઞ અને સત્ત્વવાન કુમાર મુનિ જનને યોગ્ય અને કર્ણને વિષે અમૃત સમાન એવી વાણી બોલ્યો કે—"હે મુગ્ધે! તું ધર્મનું રહસ્ય જાણતી નથી, તેથીજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે બોલે છે, કેમકે તત્વજ્ઞાની પુરૂષો તો ચંદ્રની જેવા ઉજ્વળ શીલની રક્ષા કરવાનુંજ કહે છે. ઉલ્લાસ પામતા પાપ રૂપી કાદવથી વ્યાપ્ત અને સુમાર્ગના ( ધર્મ માર્ગના ) પથિકોએ ત્યાગ કરેલા એવા પરસ્ત્રી સંગ રૂપ માર્ગનો હું કેમ આશ્રય કરૂં ? જેઓ પરસ્ત્રીના આલિંગન વડે સુખને ઇચ્છે છે, તેઓ ખેરના જાજ્વલ્યમાન અંગારાવડે અલંકાર કરવાને ઇચ્છે છે. જો હું તારા ચિત્તમાં સત્ય રીતે પ્રિય તરીકે રહેલો હોઉં, તો દુઃખ આપવામાં તત્પર એવા મિથ્યા સુખને માટે મારી પ્રાર્થના કેમ કરે છે ? હે કુળવાન સ્ત્રી ! પરપુરૂષ પર આસક્તિ રાખવી યોગ્ય નથી. તું કુલીન છતાં આવા પાપ રૂપી પંકમાં કેમ લીન થાય છે ? હે વિદ્યાધરી ! ધર્મનો નાશ કરનારૂં આ કર્મ તું તજી દે,અને શીળવતનું સેવન કર કે જેથી તને આ લોકમાં કીર્તિ અને પરલોકમાં મોક્ષ પ્રાપ્ત થાય. જે સ્ત્રી સદ્ધર્મના મૂળ રૂપ શીળનું સેવન ( પાલન ) કરે છે, તે સ્ત્રી દેવીની જેમ આ ભવમાં મહાપુરૂષોને સેવવા લાયક થાય છે. પરપુરૂષ પર આસક્તિ રાખવાથી આ ભવમાં પતિના ભયને લીધે સુખ નથી, અને પરલોકમાં નરકના ભયને લીધે સુખ નથી. હે સ્ત્રી ! તુંજ તારા હૃદયનું ખરૂં તત્ત્વ કહે કે પરપુરૂષમાં શું સાર (સુખ) છે ? ” આ પ્રમાણેના કુમાર રૂપ ચંદ્રથી ઉદય પામેલા વચનામૃતથી તેણીના મનમાં કામદેવના વિકારથી ઉત્પન્ન થયેલો અગ્નિ શાંત થઇ ગયો. એટલે તે વિદ્યાધરી પોતાના મનમાં વિચાર કરવા લાગી કે– “ અહો ! મારા ભાગ્યનો સમૂહ કેવો જાગૃત છે ? કે જેથી આ પાપનો આરંભ પણ પુણ્યસમૂહને માટે થયો. આ કુમાર હવે મારો ધર્મગુરૂ થયો. તેથી તેને ગુરૂદક્ષિણામાં હું વિદ્યાધરના ઐશ્વર્યપદને આપનારી વિદ્યાઓ આપું કે જેથી સ્વભાવથીજ બળવાન અને તેમાં પણ વિદ્યાના બળથી મહા ઉગ્ર થયેલો તથા પ્રિયાના હરણથી થયેલા વિરોધ વાળો આ કુમાર કોઇ વખત મારા પતિનો પરાજય કરશે અને યુદ્ધમાં પરાજય પામેલો મારો પતિ સર્વથા નિષ્ફળ આરંભવાળો થવાથી અહંકારનો ત્યાગ કરીને સન્માર્ગનો આશ્રય કરશે. જો એ પ્રમાણે થાય તો તે પણ મારૂં મોટું ભાગ્યજ છે. ” આ પ્રમાણે પોતાના મનમાં નિશ્ચય કરી તેણીએ નમ્ર ઉક્તિ વડે પ્રાર્થના કરીને તે પુણ્યશાળી કુમારને વિધિપૂર્વક અનેક વિદ્યાઓ આપી. વિદ્યાધરી તેની પાસેથી ધર્મ પામી, અને કુમાર તેની પાસેથી વિદ્યા પામ્યો, તેથી પરસ્પર ગુરૂ થવાને લીધે તે બન્નેએ હું પ્રથમ નમું, હું પ્રથમ નમું, એમ વિચારતાં હર્ષથી પરસ્પરને વંદના કરી. પછી કુમારની રજા લઇને તે ભાનુમતી પોતાની નગરીમાં ગઇ, અને કુમારના વચનોનું સ્મરણ કરતી સતી વારંવાર રોમાંચિત શરીરને ધારણ કરવા લાગી.

બુદ્ધિમાન કુમારે પ્રથમ પ્રજ્ઞપ્તિ નામની [1]વિદ્યેશ્વરીને સિદ્ધ કરી. પછી અનુક્રમે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ાં આવેલી તે વિદ્યાને ઉત્સુક થયેલા કુમારે પ્રિય વચન વડે પોતાની પ્રિયાનું વૃત્તાંત પૂછયું ત્યારે તે વિદ્યાની અધિષ્ઠાતા દેવી કુમારના કર્ણમાં અમૃતની સારણી[૨] સમાન ાણીવડે બોલી કે—" તે ભીમ નામના વિદ્યાધર રાજાએ તારી પ્રિયાને પોતાના ારના ઉદ્યાનમાં લઇ જઇને તેણીને સુંદર ચાટુ વચનવડે કહ્યું કે—હે મુગ્ધે ! આ ારા ચંદ્ર જેવા મુખને કાજળવાળા નેત્રના જળવડે કલંક લગાડીને વૃથા શામાટે લાન કરે છે ? હે બાળા ! દાસરૂપ થયેલા મારાપર અવિશ્વાસથી નિઃશ્વાસ મુકીને ાદ્રૂપ અગ્નિવડે આ શિરિષપુષ્પ જેવા તારા કોમળ શરીરને કેમ બાળે છે ? હે ;મલાક્ષી ! આ લોકને કમળની ખાણરૂપ કરતી એવી તું તારી આજ્ઞાને માન્ય કરનાર એવા મારી સામું પણ કેમ જોતી નથી ? હે સુંદર દાંતવાળી ? કામના દાહથી પીડાયેલા મારા અંગ ઉપર અમૃતના સિંચન જેવા સ્મિતને હર્ષથી કેમ પ્રગટ કરતી નથી ? માત્ર એક સામાન્ય રાજાના પુત્રનો વિરહ થવાથી કેમ આમ આતુર થાય છે ? દાસરૂપ એવા મારી સાથે આ વિદ્યાધરના મહાન ઐશ્વર્યને ભોગવ." આ પ્રમાણે બોલતા તે પાપી વિદ્યાધરેશ્વરનો શૃંગારસુંદરીએ મૌનપણાથીજ નિષેધ કર્યો. 'મૂળવાળો વાયુ અવગુંઠન વડેજ વારવા લાયક છે.' પોતાની વિદ્યાઓનો નાશ થવાના ભયથી તથા તે સતીના શાપના ભયથી તેણીના શીલનો ભંગ કરવા માટે તેણે બળાત્કાર કર્યો નથી." આ પ્રમાણે પ્રજ્ઞપ્તિ વિદ્યાની વાણી સાંભળીને ભીમ પર ક્રોધે કરીને તથા પ્રિયાના શીળવ્રતના અભિમાને કરીને તે કુમારે પ્રગલ્ભ નટની જેમ બે રસને એકી વખતે અનુભવ્યા. ત્યાર પછી તે કુમાર તત્કાળ વૈતાઢ્ય પર્વતપર ગયો, અને રથનૂપુરચક્ર નામના નગરના ઉદ્યાનમાં આવ્યો. ત્યાં કઠોર અને કરૂણાવાળી વિચિત્ર વાણી સાંભળીને તે કુમાર અદૃશ્યપણે સ્થિત થયો, એટલે તેણે ત્યાં ભીમને દીઠો તથા પોતાની પ્રિયાને પણ દીઠી. તે સમયે હાથમાં લીધેલા ઉઘાડા ખડ્ગવડે ભયંકર એવા ભીમે શૃંગારસુંદરીને કહ્યું કે—" જો તું મારૂં કહ્યું માનતી નથી, તો હવે હણવા લાયક છે, તેથી તું તારા ઇષ્ટદેવનું સ્મરણ કર. " તે સાંભળીને ન્યાયની નાયિકા જેવી નાગાક રાજાની પુત્રી શૃંગારસુંદરી બોલી કે—"મારૂં શરણ સિંહરાજાનો પુત્રજ છે કેમકે સ્ત્રીઓનો દેવ પતિજ હોય છે." સિંહરાજાના પુત્રનું નામ સાંભળીને વિશેષ કોપ પામેલો નિર્દય ભીમ ખડ્ગ ખેંચીને તેણીનો વધ કરવા તત્પર થયો. તે વખતે " અરે પાપી ! શું કરે છે ? અરે ! હમણાં તુંજ મરણ પામશે. " એમ ઉંચે સ્વરે બોલતો રાજપુત્ર પ્રગટ થયો. તે સાંભળીને અકસ્માત્ ભય પામવાથી ભીમના હાથમાંથી ખડ્ગ પડી ગયું. ' પરસ્ત્રી સાથે રમવાની ઇચ્છાવાળા પુરૂષોની બળ સંપત્તિ ઓછી જ થઇ જાય છે.' તે વખતે 'હે વીર ! ખડ્ગને હાથમાં ધારણ કર

૧ સર્વ વિદ્યાની સ્વામી ૨ પાણીની નીક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને મારી સાથે યુદ્ધ કર." એ પ્રમાણે તે ક્ષત્રિયપુત્રે પ્રહાર કર્યા વિનાજ ભીમને કહ્યું. તે સાંભળીને અત્યંત લજ્જિત થયેલા અને યુદ્ધ કરવા અશક્ત બનેલા તે વિદ્યાધર-રાજાએ વિચાર કર્યો કે— "મેં જન્મથી આરંભીને શસ્ત્રશાળામાં રહી સમગ્ર શસ્ત્ર-કળાનો અભ્યાસ કર્યો છે, છતાં આ વખતે તે સર્વ અભ્યાસ નાસ પામ્યો હોય તેમ નષ્ટ થઈ ગયો. એક તો મેં આ પરસ્ત્રીનું હરણ કર્યું તે અકાર્ય કર્યું બીજું મારા હાથ-માંથી આયુધ પડી ગયું તો હવે અહંકાર રહિત થયેલો હું અન્તઃપુરની સ્વાધીન સ્ત્રીઓ પાસે પણ મારૂં મુખ શી રીતે દેખાડીશ? માટે જે કર્માએ મને આવી દશા પમાડી તે શત્રુરૂપ કર્માનો જય કરવા માટેજ ઉદ્યમ કરવો ઉચિત જણાય છે." આમ વિચારીને તે વિદ્યાધરપતિએ તત્કાળ શૃંગારસુંદરી સહિત તે કુમારને ખમાવીને પવિત્ર એવા વિદ્યાધર નામના અરણ્યમાં જઈ તાપસી દીક્ષા ગ્રહણ કરી. વનપાળના મુખથી પોતાના પતિ ભીમ રાજાનું સમગ્ર વૃત્તાંત સાંભળીને ભય પામેલી ભાનુમતી તરતજ ઉદ્યાનમાં આવી, તેટલામાં ગ્રીષ્મ ઋતુમાં સમુદ્રની જેમ આગળ આગળ વધતા લોકોથી ઉત્પન્ન થયેલું ભયંકર યુદ્ધ તેના જોવામાં આવ્યું.

આ તરફ સનત્કુમાર નિર્મળ શીળવાળી પ્રિયાને સેંકડો મધુર વચનો વડે આશ્વાસન પમાડીને તેને લઈ પોતાના પુર તરફ જવા તૈયાર થયો. તેને પ્રયાણ કરતો જોઈને ભય પામેલી ભાનુમતીએ કહ્યું કે— "હે કૃપાળુ! શત્રુઓ થકી આ પુરીનું રક્ષણ કરો. રક્ષણ કરો. કેમકે મારા પતિએ લીધેલી તાપસી દીક્ષાના વૃત્તાન્ત-ને જાણીને શત્રુ રાજાઓ અત્યંત વેગથી પુરીનો ભંગ ( નાશ ) કરવા માટે દોડી આવ્યા છે." આ પ્રમાણેના તેણીના કહેવાથી દયાવડે મનોહર અભિપ્રાય વાળો પ્રબળ શસ્ત્રધારી કુમાર તત્કાળ પુરીની રક્ષા કરવાનું કબુલ કરીને પાછો વળ્યો. તેવામાં "રે રે! પત્તનનો ભંગ કરનારા વિદ્યાધરો! તમે ફોગટ ન મરો, ન મરો." એમ ઉંચે સ્વરે બોલતા ચંદ્રચૂડ અને રત્નચૂડ નામના બે વિદ્યાધરો ત્યાં આવીને કુમાર-ને નમ્યા. તે બન્નેએ હાથ જોડીને પ્રીતિ પૂર્વક પૂછવાથી રાજકુમારે મનનો સંતાપ દૂર કરી પોતાનો સર્વ વૃત્તાંત તેમને કહ્યો. પછી હર્ષકારી પંથના વાજિંત્ર જેવી વાણી વડે તે બન્નેએ ચારે વર્ગને હિત કરે તેવા અપ્રતિમ ગુણના ઉદયવાળા કુમારને કહ્યું કે— "હે કુમાર! અહંકાર વાળા અને વિના કારણ શત્રુ રૂપ થયેલા વિદ્યાધર પતિ ભીમે અમને નિરંતર પીડા આપી છે, તેથી નિર્નાયક થયેલા તેના દેશનો ભંગ કરવા માટે અમે અહીં આવ્યા છીએ. 'ઋણની જેમ વેર પણ જીર્ણ (જુનું) થતુ નથી' પરંતુ જો ક્ષત્રિયોના નાયક એવા તમે જ આ પુરનું રક્ષણ કરનાર થતા હો તો દાસપણાને પામેલા એવા અમારૂં રક્ષણ કરનાર પણ તમેજ થાઓ." એમ કહીને હર્ષના સમૂહથી દેદિપ્યમાન એવા તે વિદ્યાધરોએ તે રાજકુમારને વિદ્યાધરોના ચક્રવર્તીપણાનો અભિષેક કર્યો. સનત્કુમારનું ચક્રવર્તીપણું જોવાથી અત્યંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પામેલી ભાનુમતી પણ તરતજ પોતાના પતિના માર્ગની પથીક થઇ. અર્થાત્ તેણે પણ તાપસી દીક્ષા લીધી.

સનત્કુમાર ચક્રીએ થોડા દિવસમાંજ નિગ્રહ અને અનુગ્રહના કાર્યો કરીને સર્વ વિદ્યાધર રાજાઓને વશ કર્યા. ત્યાર પછી પિતાના વિયોગથી પીડાતો સનત્કુમાર અનેક વિદ્યાધરોને સાથે લઇને શૃંગારસુંદરી સહિત પોતાના નગર તરફ ચાલ્યો. તે પુરીની નજીક આવ્યો તેવામાં તેણે આકાશમાં વાદળાની ભ્રાંતિ કરનાર ધૂમ્રસમૂહને વ્યાકુળ પણે જોયો. તે જોઇને 'આ શું ?' એમ વિચારી ચિંતાથી પીડાતો કુમાર પૃથ્વી પર દૃષ્ટિ કરે છે તો નદીને કાંઠે અસંખ્ય દુ:ખી જનોને જોયા અને તેમના મધ્યમાં અગ્નિની જવાળાના સમૂહથી વ્યાપ્ત થયેલી ચિંતા જોઇ. આ પ્રમાણે જોવાથી અંત:કરણમાં ગભરાયેલો કુમાર વિમાનમાંથી તત્કાળ નીચે ઉતર્યો. પછી એકઠા થયેલા પ્રજાજનોએ હર્ષ વડે જોવાતો તે કુમાર ચિતાની પાસે બેસેલી પોતાની માતાને જોઇને આતુરતાથી તેણીના ચરણમાં પડ્યો. પુત્રને અકસ્માત્ આવેલો જોઇને જેનો સર્વ પરિવાર રૂદન કરી રહ્યો છે એવી તે વત્સલ માતા પુત્રના કંઠને આલિંગન દઇને રૂદન કરતી બોલી કે—' હે વત્સ ! આટલો બધો વખત તું ક્યાં રહ્યો હતો ?' તેનો જવાબ નહીં દેતાં તેણે સંભ્રમપણે પુછ્યું કે—' હે માતા ! મારા પૂજ્ય પિતા તો ક્ષેમ કુશળ છે ને ? ' તેટલામાં તો પુત્રનું આગમન જાણવાથી રાજા પોતે પુરમાંથી ત્યાં તેની પાસેજ આવ્યા. પિતાને જોઇને ચરણમાં પડતા તે કુમારને અત્યંત ઉત્સુક થયેલા રાજાએ બે હાથ વડે ઉંચા કરી વારંવાર આલિંગન કર્યું. પછી ' આ ચિતા શાની છે ? ' એમ શંકાથી વ્યાકુળ થયેલા પુત્રના પૃછવાથી ભૂપતિએ કહ્યું કે " હે વત્સ ! અતિ દૂર ગયેલો તું તે વૃત્તાંત ક્યાંથી જાણે ? હે પુત્ર ! તારા જવાથી તેં ત્યાગ કરેલી ચિત્રશાળા જીવિતથી મુક્ત થયેલા સ્વજનના શરીરની જેમ શોકને માટે થઇ, સુદૃષ્ટિ વાળા પુરૂષોના સ્થાન રૂપ ઇંદ્રના આવાસ જેવું આ નગર પણ તે વખતે જાણે ભૂતોના સ્થાન રૂપ સ્મશાન હોય તેવું થયું, પુરજનો અત્યંત આક્રંદથી ઉદાસ થયા, તેના પ્રતિધ્વનિએ કરીને સર્વ મંદિરો પણ શોક કરતા હોય તેવા જણાવા લાગ્યા, હે વત્સ ! તારા વિયોગથી કૃત્યાકૃત્યને નહીં જાણનારા અમે જીવતા છતાં પણ મરેલા જેવા થઇ ગયા. મનોહર લક્ષ્મી સ્ત્રી, ઉદ્યાન, મહેલ તથા કામ ક્રીડાદિક સર્વ સુખના અર્થે થયેલા પદાર્થો તે વખતે વિષ સમાન લાગવા માંડ્યા. તારા વિયોગ રૂપી અગ્નિના શલ્યથી પીડા પામેલી તારી માતાએ જીવિતને ધારણ કરવામાં અસમર્થ થઇને ભોજનનો પણ ત્યાગ કર્યો અને કુળના અલંકાર રૂપ તારા દર્શનથી દુ:ખી થયેલી તારી માતા કુળદેવીનીજ સેવા કરતી સતી તેની સન્મુખ બેઠી. અઠ્ઠમ તપને અંતે અત્યંત ભક્તિ વાળી તારી માતાને સ્વપ્નમાં આવીને કુળદેવીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહ્યું કે—" હે સતી ! શીળવ્રત વડે પૂજ્ય એવો તારો પુત્ર વિદ્યાધરનું સામ્રાજ્ય પામીને પ્રિયા સહિત એક માસે તને મળશે. તે હું સત્ય કહું છું માટે હે પુત્રી ! તેવા પુત્રના સમાગમ માટે અત્યંત ઉત્સુક એવા તારા પ્રાણોને ધારણ કરી રાખવા માટે તું ભોજન શામાટે કરતી નથી ? " આ સ્વપ્ન તારી માતાએ પ્રાતઃકાળે મને નિવેદન કર્યું. ત્યારે મેં તેને ઘણા આગ્રહથી સમજાવીને જમાડી. આજે દેવીએ કહેલા માસનો છેલ્લો દિવસ હોવાથી પ્રાતઃકાળેજ તારી માતાએ મેં અત્યંત નિષેધ કર્યા છતાં પણ બળી મરવા માટે ચિતા રચાવી. તેટલામાં તો દેવીનું વચન સત્ય કરવા માટે, મારી ઇચ્છા પૂર્ણ કરવા માટે અને તારી માતાના પ્રાણનું રક્ષણ કરવા માટે હે પુત્ર ! તારૂં આગમન થયું. હવે હે મહાશય ! પુરલોકના ચક્ષુ રૂપી ચકોરને લક્ષ્મીના સ્થાન રૂપ તારૂં ચંદ્ર જેવું મુખ બતાવ. "

આ પ્રમાણે કહીને પુત્રને પોતાના ઉત્સંગમાં બેસાડી રાજા પટ્ટહસ્તીપર આરૂઢ થયો. તેમની પાછળ વધૂ સહિત પટરાણી હાથણી ઉપર આરૂઢ થયા. કુમારની બન્ને તરફ ચંદ્રચૂડ અને રત્નચૂડ વિગેરે વિદ્યાધરો વીંટાઇ વળ્યા. આગળ સંખ્યાબંધ બંદિજનો તેના પુણ્યમહોદયનું વર્ણન કરતા ચાલવા લાગ્યા. આવી રીતે રાજાએ સ્વજનો સહિત પતાકા વડે સુશોભિત પુરમાં પ્રવેશ કર્યો. તે વખતે પુરના સમગ્ર લોકો આનંદ રૂપી અમૃતના પૂરથી વ્યાપ્ત થયા. પછી દીક્ષા લેવા અવસરે નિપુણ રાજાએ સનત્કુમારને રાજ્યપર અભિષેક કર્યો, અને પોતે રાણી સહિત તપોવનમાં ગયો.

પિતાનું રાજ્ય પામીને હર્ષ પામેલા સનત્કુમારે બન્ને વિદ્યાધર મિત્રોને વિદ્યાધરની બન્ને શ્રેણીનું રાજ્ય આપ્યું. પછી વિદ્યાના બળથી સમગ્ર પૃથ્વીતળ સ્વાધીન કરી સનત્કુમાર રાજાએ પોતાના ઉજ્વળ યશવડે ત્રણ ભુવનને શોભાવ્યું. આવી રીતે શીળવ્રતથી ઉદય પામેલા શૃંગારસુંદરીના પતિને ભૂચર અને ખેચર વડે સેવાતો જોઇને કોણ શીળવ્રત ધારણ ન કરે ? આ પ્રમાણે ઘણા કાળ પર્યંત રાજ્ય લક્ષ્મી ભોગવીને આયુષ્યને અન્તે અનશન ગ્રહણ કરી ભાર્યા સહિત સનત્કુમાર રાજા અપરાજિત નામના અનુત્તર વિમાનમાં દેવતા થયા.

અનુક્રમે તે રાજા શીલ રૂપી મૂળવાળા, ગુણ રૂપી સ્કંધવાળા, રાજ્યરૂપી પત્રવાળા અને યશ રૂપી પુષ્પવાળા ધર્મ રૂપી કલ્પવૃક્ષને સેવીને મોક્ષરૂપી ફળને પામશે. શૃંગારસુંદરી અને સનત્કુમારનું આ ચરિત્ર સાંભળીને ભવ્ય જીવોએ અદ્ભુત લક્ષ્મી મેળવવા સારૂ ઉજ્વળ એવા શીળનું સતત સેવન કરવું.

। इति शीलधर्मे सनत्कुमार शृंगारसुंदरी कथा ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# षष्ठ सौजन्य-साधुपद अनुसरण.

( અનુસંધાન પૃષ્ટ ૧૨૧ થી. )

એ સાધુ જીવનના બે પ્રકાર આપણે અગાઉ વિચાર્યા હતા. દ્રવ્ય સાધુ અને ભાવસાધુ. સાધુનો વેશ માત્ર પહેરનાર દ્રવ્યસાધુ કહેવાય છે. આ સાધુ શબ્દની વ્યાખ્યા કરતાં કહે છે કે " જે નિર્વાણ સાધક યોગને સાધતા હોય અને સર્વ પ્રાણીઓ ઉપર સમભાવ રાખતા હોય તેને સાધુ કહેવામાં આવે છે. ઉપર જણાવેલા ક્ષમા વિગેરે દશ યતિધર્મથી યુક્ત હોય, મૈત્રી વિગેરે ચાર ભાવનાથી ભૂષિત હોય અને સદાચારમાં અપ્રમત્ત હોય તેને ભાવસાધુ કહેવામાં આવે છે. " આ ભાવસાધુને બતાવનાર સાત લિંગો છે તે બહુ વિચારવા યોગ્ય છે. એ સાત લક્ષણોનો સદ્ભાવ જેનામાં હોય તે ભાવસાધુ કહેવાય છે, અન્ય વેશધારી દ્રવ્યસાધુ કહેવાય છે. એ સાત લક્ષણોપર વિવેચન કરી વિષયનો ઉપસંહાર કરવામાં આવશે. પરંતુ એ સાત લક્ષણો પર વિવેચન કરતાં પહેલાં એટલી ઉપોદ્ઘાત આવશ્યક છે કે સાધુ પણ શ્રાવકના એકવીશ ગુણ યુકત હોય છે. ધર્મરત્ન પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાને શ્રાવકના એકવીશ ગુણો ન છોડી શકાય તેવા જરૂરના છે. તે ગુણ યુકત શ્રાવક બહુ ગંભીર પ્રકૃતિવાળો હોય છે, રૂપવાન હોય છે, સ્વભાવે શાંત પ્રકૃતિવાળો હોય છે, લોકપ્રિય હોય છે, અક્રૂર પરિણતિવાળો હોય છે, પાપથી ડરનારો હોય છે, શઠતાને દૂર કરનાર હોય છે, સ્વાભાવિક રીતે દાક્ષિણ્યતાવાન હોય છે, લજ્જાળુ હોય છે, દયાળુ હોય છે, મધ્યસ્થ હોવાથી શાંત દૃષ્ટિ વાળો હોય છે, ગુણનો રાગી હોય છે, ધર્મકથાનો કહેનારો હોય છે, સુશીલ અને અનુકૂળ પરિવાર વાળો હોય છે, જેનુ પરિણામ સુંદર આવે તેવા કાર્યનોજ કરનારો-દીર્ઘદર્શી હોય છે, અપક્ષપાતપણે ગુણ દોષને જાણે-સમજે તેવો વિશેષજ્ઞ હોય છે, પરિણતમતિવાળા વૃદ્ધોની સેવા કરનારો હોય છે, ગુણાધિકનું ગૌરવ કરનાર હોવાથી વિનીત હોય છે, પરોપકારને નહીં ભુલે તેવો કૃતજ્ઞ હોય છે, પારકા હિતનો કરનારો હોય છે, અને લબ્ધલક્ષ હોય છે, અર્થાત્ જે વાત કહેવામાં આવે-જે ધર્માનુષ્ઠાનાદિ બતાવવામાં આવે તે તરતજ સમજી જાય તેવો હોય છે, જ્યારે શ્રાવક આવા ગુણવાન હોય છે ત્યારે તેમાંથી થનાર સાધુ તો તેથી વિશેષ ગુણવાન હોય તે સ્વભાવિકજ છે.

ભાવસાધુપણું પ્રાપ્ત થવું તે સહેલી વાત નથી. હળુકર્મી જીવોનેજ તે પ્રાપ્ય છે. તે દશા જેને પ્રાપ્ત થઇ હોય તેના સાત લક્ષણ-ચિન્હ શાસ્ત્રકારોએ ધર્મરત્નાદિ ગ્રંથોમાં બતાવેલા છે. તે આ પ્રમાણે-

માર્ગાનુસારિણી ક્રિયા-માર્ગ તે મોક્ષમાર્ગ. તે માર્ગે ચલાવનારી પ્રત્યુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેક્ષણાદિ ચેષ્ટા તે માર્ગાનુસારિણી ક્રિયા કહેવાય. અથવા ગીતાર્થ સંવિજ્ઞોએ જે વિશિષ્ટ આચરણ કર્યું હોય તે પણ શુદ્ધ ક્રિયા સમજવી. દરેક મનુષ્યમાં વિચાર કરવાની શક્તિ, સ્થિરતા, ધીરજ અને ફુરસદ હોતાં નથી, પૂર્વ વિદ્વાનોએ જે માર્ગે આચરણ કર્યું હોય તે માર્ગે અનુસરવામાં કોઈ પણ પ્રકારની અગવડ ઉભી થવાનો સંભવ રહેતો નથી અને ક્રિયા સાધન હોવાથી દેશ કાળાનુસાર તેમાં ઘટતો ફેરફાર તો કરવો પડે છે તેથી આગમની રીતિને અવિરોધી વિશિષ્ટજનાચરિત ક્રિયામાર્ગને અનુસરવું તે સર્વ પ્રકારે ઉચિત છે. જ્ઞાન મોક્ષની દિશા બતાવનાર છે, ક્રિયા તે તરફ ગમન છે, ગમન વગર ઇચ્છિત સ્થાનની પ્રાપ્તિ નથી અને તેની પ્રાપ્તિ વગર નકામો પ્રયાસ થાય છે, તેથી માર્ગાનુસારી ક્રિયા સાધુજીવનને અતિ ઉપકાર કરનાર અને તદ્દર્શક પ્રથમ લિંગ છે. શુષ્ક અધ્યાત્મી હોવાનો ડોળ ઘાલવાનું ઘણી વખત મન થઇ જાય છે અને તે વખતે ક્રિયા ઉપર અરૂચિ આવી જાય છે, પણ ભાવસાધુના આ પ્રથમ ચિન્હથી જણાશે કે અધિકાર વશાત્ પ્રાપ્ય ગુણોમાં પણ ક્રિયામાર્ગની અતિ આવશ્યકતા છે અને તેની સાથેજ ( માર્ગાનુસારી ) જે વિશેષણ મૂકવામાં આવ્યું છે તે જ્ઞાનનો પ્રાગ્ભાર સૂચવે છે. આથી વિવેક પૂર્વક સાધ્યને લક્ષ્યમાં રાખનાર મહાજનઆચરિત અને શાસ્ત્રસમ્મત ક્રિયાકરણરૂપ ભાવસાધુનું પ્રથમ ચિન્હ આપણને પ્રાપ્ત થયું.

**૨ ધર્મમાં પ્રવર શ્રદ્ધા**—(Strong attachment) ધાર્મિક કાર્ય કરવામાં તીવ્ર અભિલાષા. એ ધાર્મિક કાર્યો કરે છે તે ઉપર ઉપરથી નહિ પણ અંતઃકરણની દ્રઢ ઇચ્છાનુસાર કરે છે. એવી દ્રઢ ઇચ્છાનુસાર ચારિત્ર ધર્મમાં તત્પર હોય છે અને તેથી તેનું વર્તન અસરકારક હોય છે. તીવ્ર અભિલાષા વગર કોઇ પણ કાર્ય કરવું તે જેમ પૂર્ણ ફળને આપતું નથી તેમ કરતી વખત પૂરી મજા પણ આપતું નથી. મન વગરના જેમ વ્યવહારના કાર્યોમાં આનંદ આવતો નથી તેમ તીવ્ર અભિલાષા વગરના આત્મિક કાર્યોમાં પણ સૌંદર્ય જણાતું નથી. ઉપર ઉપરથી જેમ પાણીનો રેલો ચાલ્યો જાય છે પણ પથ્થરપર તેની અસર થતી નથી તેમ હૃદયની પ્રબળ અભિલાષા વગર કરેલાં કાર્યો હૃદયને ભીંજવતાં નથી, આર્દ્ર કરતા નથી અને ઉપયોગી બનાવતાં નથી. આવા પ્રકારની શ્રદ્ધા છે કે નહિ તે બતાવનાર ચાર ચિન્હો—ઉપલક્ષણો છે તે પણ વિચારવા લાયક છે. તે આ પ્રમાણે—

વિધિ સેવા—મુનિ શિષ્ટજન આચરિત વિધિ પૂર્વક અનુષ્ઠાન કરે છે. શ્રદ્ધાળુ મુનિનું એ ખાસ લક્ષણ છે કે કદાચ રોગાદિ કારણે તેનાથી વિધિવત્ અનુષ્ઠાન ન થાય તોપણ તેનો પક્ષપાત તો તે તરફજ રહેછે,તેને મનમાં નિરંતર પ્રબળ ઇચ્છા રહેછે કે જ્યારે મારામાં બરાબર શક્તિ આવશે કે તુરત હું સદનુષ્ઠાન કરીશ. ઘણી વખત શ્રદ્ધાનો અર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માહી દૃષ્ટિએ અંધ અનુકરણ એવો કરવામાં આવે છે પણ આ તે આશ [illegible] થી. શ્રદ્ધા એટલે તીવ્ર અભિલાષા, અને તે પ્રકારની અભિલાષા સદ્દજ્ઞાન વગર ભવતી નથી. સુસાધુને ભાવ ચારિત્ર અનુસરવાની એવી પ્રબળ ઇચ્છા હોય છે કે સામાન્ય પ્રકારના માનની કે વ્યવહારના ખોટા દેખાવની ઇચ્છા રાખ્યા વગર વિધિયુક્ત સેવના કરવા હંમેશા ઉદ્યમવંત રહે છે, તેનો વિચાર પણ તે માટેજ રહે અને તેનું વર્તન પણ યથાશક્તિ તદનુસાર થાય છે. યથાશક્તિ કહેવાનું કારણ રોગ, વૃદ્ધ વય વિગેરેને લઇને સમજવું. બાકી શ્રદ્ધાવાન સાધુ પોતાનાં પરાક્રમ, ઉદ્યોગ, વીર્ય અને બળને કદિ ગોપવતા નથી, છુપાવતા નથી અને નિરંતર તે વસ્તુ પ્રાપ્ત કરવાનો ભાવ હૃદયમાં રાખે છે.

અતૃપ્તિ—જ્ઞાન પ્રાપ્તિ કરવામાં અથવા સંયમ ગુણોનું આરાધન કરવામાં કદિ તૃપ્તિ થતી નથી. તેઓને કદિ મનમાં એમ થતું નથી કે આપણે તો કૃતકૃત્ય થઇ ગયા હવે વિશેષ જ્ઞાન મેળવવાની જરૂર રહી નથી, હવે ચરણ કરણના ગુણો પ્રાપ્ત કરવાની જરૂર રહી નથી, આવા પ્રકારનો વિચાર–સંકલ્પ પણ તેઓના મનમાં આવતો નથી. તીવ્ર અભિલાષાને પરિણામે વિશેષ જ્ઞાન અને ગુણ પ્રાપ્ત કરવા હોંશ રહ્યાજ કરે છે. જેમ ધન પ્રાપ્ત કરવામાં લાખથી કે ક્રોડથી સંતોષ થતો નથી તેમ ગુણ પ્રાપ્ત કરવામાં પણ તૃપ્તિ થતી નથી- પ્રબળ અભિલાષાનું આ અનિવાર્ય પરિણામ છે અને શ્રદ્ધાને બતાવનાર સ્પષ્ટ ઉપલક્ષણ છે.

શુદ્ધ દેશના–પોતે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે ખરેખરૂં અનુસરવા યોગ્ય છે, આદરવા યોગ્ય છે, ગ્રહણ કરવા યોગ્ય છે એમ જ્યારે મનમાં પ્રતીતિ થાય ત્યારે તેના પરિણામ તરીકે યોગ્ય જીવને તેની લાયકાત જોઇ અધિકારના પ્રમાણમાં તે તત્ત્વજ્ઞાનના રહસ્યનો ઉપદેશ સુસાધુ આપે છે. તેઓ તેમાં જાતિ ભેદ પાડતા નથી પણ અધિકાર ભેદ પાડે છે. યોગ્ય–પાત્ર જીવને આપેલો ઉપદેશ લાભ કરનાર નીવડે છે તેથી અયોગ્યની ઉપેક્ષા કરે છે. સંસારમાં અતિ આસક્ત હોય, ધર્મનો મહા દ્રોહી હોય, તદ્દન મુર્ખ હોય અને ગમે તે પ્રકારે પૂર્વ વિચારને નહિ ફેરવવા માટે નિર્ણિત વિચારવાળો હોય એ ચારે રક્ત, દ્વિષ્ટ, મૂઢ અને પુર્વ વ્યુદ્ગ્રાહિત ઉપદેશને અયોગ્ય છે. યોગ્ય માણસમાં પણ કેટલાક બાળ હોય છે, કેટલાક મધ્યમબુદ્ધિ હોય છે, એ સર્વના લક્ષણો ઓળખી અધિકાર પ્રમાણે ઉપદેશ આપે છે. પણ તેમ કરવામાં કદિ કંટાળો લાવતા નથી. અડગ શ્રદ્ધાને લીધે તે બાબત ઉપર વારંવાર દેશના આપવામાં તેઓને અપૂર્વ રસ અને આનંદ આવે છે.

સ્ખલિત પરિશુદ્ધિ–વિધિસેવના આદિ કરતાં પણ કવચિત પ્રમાદ કે અજ્ઞાનતાથી કાંઇ દોષ લાગ્યો હોય તેને સુસાધુઓ આલોચનાથી શુદ્ધ કરેછે. ભયથી, રોગથી, પ્રમાદથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અજાણ પણાથી, અને એવી અનેક રીતે તીવ્ર અભિલાષા છતાં દોષની સંભાવના રહે છે, પણ તેવા દોષોનો મુનિઓ કુયુક્તિથી બચાવ કરતા નથી પણ તેના સંબંધમાં યોગ્ય રીતે પરિશુદ્ધિ કરે છે. પરિશુદ્ધિ કરવાના આલોચનાદિક અનેક માર્ગ છે, તેને સુસાધુ યત્ન કરી શોધી લે છે અને તે પ્રમાણે આલોચના કરવામાં અંતઃકરણ પૂર્વક આનંદ માને છે. દોષના સંબંધમાં જાહેર રીતે ક્ષમા યાચના કરવામાં, આલોયણ લેવામાં અને ગુરૂપાસે કબુલાત કરવામાં તેઓને જરાપણ માનહાનિ લાગતી નથી.

૩ **પ્રજ્ઞાપનીયપણું**—( Importation of knowledge )શાસ્ત્રકારોએ સૂત્રો ગુંથ્યા છે તેમાં વિધિ, ઉદ્યમ, વર્ણક, ભય, ઉત્સર્ગ, અપવાદ અને તદુભયનો ભેદ બતાવનાર સૂત્રો કયાં ક્યાં છે તે તેઓ સારી રીતે સમજે છે અને યોગ્યઅધિકારીને તે સમજાવે છે. કેટલાંક સૂત્રો વિધિ માર્ગ બતાવનારા હોય છે, સમય માત્ર પણ પ્રમાદ ન કરવો એ ઉદ્યમ સૂચક સૂત્ર છે, નગરાદિના વર્ણન વર્ણક સૂત્રો છે, નારકીમાં અસહ્ય પીડા ભોગવવી પડે છે વિગેરે ભયસૂત્રો છે, કેટલાંક શુધ્ધ માર્ગ બતાવનાર હોય છે, કેટલાંક અપવાદ અમુક સંયોગોમાં સેવાય તે બતાવનાર સૂત્રો છે અને કેટલાંક તે બન્ને બતાવનાર સૂત્રો છે. આવા ગંભીર આશયવાળા નયજ્ઞાનના રહસ્યભૂત સૂત્રોને સાધુ સમજાવી અજ્ઞાન પ્રાણીના અબોધને દૂર કરે છે, સામાન્ય જીવો જે તેનું તાત્પર્ય સમજતા નથી તેને બરાબર સમજાવી શુદ્ધ માર્ગ પર લાવી મૂકે છે અને તેમ કરીને તેઓને માર્ગાનુસારી, શ્રાદ્ધ અથવા ચારિત્રવાન બનાવી મુક્તિમાર્ગમાં જોડી દે છે.

૪ **અપ્રમાદ** (Due Diligence) સુસાધુ વિકથાદીક કરીને કાળક્ષેપ કરનાર હોતા નથી, ચરણ કરણ અનુષ્ઠાનોમાં અપ્રમાદી રહી નિરંતર યોગ્ય ક્રિયાઓ કરે છે. તેઓને આળસ આવતું નથી, નકામો કાળવ્યય કરવો ગમતો નથી અને અતિપ્રસંગ થતો નથી. તેઓ યોગ્ય કાળે અવિરત પણે સૂત્રાનુસાર સર્વ ક્રિયા કરે છે. અને તેમાં જરા પણ ગોટા વાળતા નથી, બહાનાં શોધતાં નથી અને બહાર નીકળી જવાનો લાગ મેળવવા યત્ન કરતા નથી. તેઓને અંતઃકરણ પૂર્વક અનુષ્ઠાન પર પ્રીતિ હોય છે તેથી એકાંતમાં જુદું વર્તન અને દેખાવમાં અશિથિલપણું એમ હોતું નથી. નિરંતર સંયમ યોગમાં અપ્રમત્ત રહે છે અને આદર્શમય જીવન ગાળી આળસ વિકથાનો ત્યાગ કરી અનુકરણરૂપ રહે છે.

૫ **શકય અનુષ્ઠાન** ( Advertance to possibilities ) અનુષ્ઠાન કરવામાં વિવેક રાખે છે કે પોતાથી આ અનુષ્ઠાન બની શકે તેવું છે કે નહિ ? શરીર શક્તિ વિચારી બની શકે તેવાં અનુષ્ઠાનોનીજ શરૂઆત કરે છે જેથી ભવિષ્યમાં પ્રતિજ્ઞા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભંગ અને લોકાપવાદ થવાનો સંભવ રહે નહિ. અનુષ્ઠાન કરવામાં તેઓ શાસન-પ્રભાવના અને ગચ્છની ઉન્નતિનો વિચાર રાખ્યા કરે છે. અને અનેક માણસો અનુકરણ કરી શકે તેવું અને ખાસ કરીને પોતે અસંયમમાં પડી ન જાય તેવું અનુષ્ઠાન આદરે છે. આ લિંગમાં બહુ દીર્ઘદર્શીપણું અને જનપ્રિયતા રહેલી છે. સામાન્ય મનુષ્યને નુકશાન કરનાર કે અશક્ય આચરણા હોય તે સંબંધમાં દેશકાળાદિનો નિર્દોષ વિચાર કરનાર મહાત્મા સુસાધુઓનું આ લિંગ બહુ વિચાર કરી સમજવા યોગ્ય છે. અશક્ય અનુષ્ઠાન આચરવાથી શાસનનું અહિત થાય છે એ વિચાર સમજવા યોગ્ય છે. મહાન્ પુરૂષોનું વર્તન ચોતરફના વિચાર કર્યા પછીજ ઉદ્ભવે છે, જેથી પરંપરા ગૌરવપ્રાપ્તિ અને શાસન અભિવૃદ્ધિ થયા કરે છે.

૬ ગુણાનુરાગ—( appreciation ) આ મહા વિશાળ સદ્ગુણ છે. ચરણ સિત્તરી કરણ સિત્તરીના ઉપર જે ભેદો બતાવ્યા છે તેના ઉપર અદ્ભુત રાગ હોય છે, મલિન દોષો તરફ અંતઃકરણ પૂર્વક તિરસ્કાર હોય છે, ગુણવાન માણસ ઉપર તેઓને બહુજ પ્રેમ હોયછે, તેઓ કોઇ પણ મનુષ્યમાં જરા પણ સદ્ગુણ જુએ તો રાજી રાજી થઇ જાય છે, તેના નાના ગુણને પણ મહત્વતા આપે છે અને તેમ કરી પોતાનો ગુણાનુરાગ પ્રકટ કરે છે.પોતાના નાના દોષ તરફ પણ અવગણનાની નજરથી જોતા નથી. અને ગુણ વિશેષ પ્રગટ કરવા રૂચિ ધારણ કરે છે. કોઇ અન્ય મનુષ્યમાં અવગુણ જુએ તો તેના ઉપર જરાપણ દ્વેષ લાવતા નથી, તિરસ્કાર બતાવતા નથી, પણ તે પ્રાણીની ભવસ્થિતિ અને કર્મદાર્ઢ્ય પર વિચાર કરી તેના પર કરૂણા લાવે છે. તેને જોઇને તેઓને મનમાં મોટો ખેદ થાય છે કે એ બિચારો હજુ સંસારમાં બહુ રખડવાનો હોય એમ જણાય છે, એની ભવસ્થિતિ હજુ પરિપક્વ થઇ જણાતી નથી. દોષ ઉપર દ્વેષ હોય છે પણ દોષવાન ઉપર કરૂણા હોય છે; ગુણ તરફ અને ગુણવાન તરફ ભારે અનુરાગ હોય છે. ભર્તૃહરિ કહે છે તેમ પારકા પરમાણુ જેવા નાના ગુણને પણ પર્વત તુલ્ય ગણીને પોતાના હૃદયમાં આનંદ માનનાર પુરૂષ સંત કહેવાય છે. ગુણ તરફ પ્રેમ રાખવાથી એક મહાન લાભ એ થાય છે કે કદિ આ ભવમાં ગુણ પ્રાપ્ત ન થઇ શકે તોપણ તેની ઉત્ક્રાન્તિ તેથી એટલી સારી થઇ જાય છે કે ભવાંતરમાં ગુણ જરૂર પ્રાપ્ત કરી શકે છે અને ક્રમે ક્રમે તેમાં વધારો કરી છેવટે સર્વ ગુણના સ્થાનભૂત અક્ષય પદ પ્રાપ્ત કરે છે.સાધુ ધર્મનું આ સર્વથી ઉત્તમ અંગ છે. એને ખીલવવા માટે પ્રબળ પુરૂષાર્થ કરવો પડે છે અને એ ગુણાનુરાગહીન જીવનને સાધુજીવન કહેવું એ નિરર્થક વચનવ્યાપાર છે. અકારણ જલ્પ છે અને અર્થ શૂન્ય વચન વિલાસ છે. જ્યાંસુધી ગુણવાનને જોઇ હર્ષાશ્રુ ન આવતાં હોય ત્યાં સુધી ગણ તરફ પ્રેમની સંભાવના હોતી નથી. આ લિંગ બરાબર વિચારવા યોગ્ય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ સંબંધમાં બહુ વિસ્તારથી વિવેચન કરવાની જરૂરીઆત છે. કારણ એ સંબંધમાં સ્ખલના થતી વિશેષ જોવામાં આવે છે, પરંતુ એ વિષય પર દશમા સૌજન્યના વિષયમાં વિસ્તારથી વિવેચન કરવાનું હોવાથી હાલ તે મુલતવી રાખશું. વિષય પ્રમાણમાં વિસ્તૃત થઈ ગયેલો હોવાથી તેને બહુ લંબાવવો ઠીક નથી.

૭ ગુર્વાજ્ઞારાધન ( True discipleship. ) ગુરૂ મહારાજ વિચાર કરી જે હુકમ ફરમાવે તેને અનુસરવા રૂપ આ સાતમું લિંગ બહુજ ઉપયોગી છે. ગુરૂકુળવાસની મહત્વતા આ કાળમાં વિસરાતી જાય છે કારણ કે વ્યક્તિસ્વાતંત્ર્યસ્થાપનનો આ કાળ છે. પરિણામે તેથી કેટલી હાની થાય છે તે કલ્પી શકાય તેવું છે. પ્રાથમિક અવસ્થામાં તો હમેશાં આ જીવ પરતંત્ર હોય તોજ તે હદની અંદર રહી શકે છે. વિષય પ્રમાદનું મધુર જોર એટલું બળવત્તર હોય છે કે પરતંત્રતા વગર તેઓને દૂર કરવા માટે જે મનોરાજ્ય પર અંકુશ જોઇએ તે પ્રાપ્તવ્ય થતો નથી. તેથી પરતંત્રતા આત્મસંયમનો પ્રબળ માર્ગ બતાવનાર વિશાળ સદ્ગુણ છે. મનુષ્ય સ્વભાવનું અવલોકન કર્યા વગર આ સદ્ગુણની કિંમત સમજી શકાય તેમ નથી. પૌદ્ગલિક વાસનાનું જોર, એકાંતમાં તેનું સ્થાપન, વ્યવહારમાં તેની વિશેષતા અને પરતંત્રતામાં તેનુ ન્યૂનપણું એ પરસ્પર સસંબદ્ધ પણે જ્યારે સમજવામાં આવે ત્યારે ગુર્વાજ્ઞાનું રહસ્ય મળે છે તદુપરાંત વયોવૃદ્ધ અને અનુભવી મનુષ્યો વ્યવહારના પ્રસંગો કેવી રીતે પસાર કરેછે, કેવી ઠોકરો ખાઇ ઠેકાણે આવી ગયેલા હોયછે, અને પોતાના અનુભવને લાભ બીજાને કેવી રીતે આપી શકે છે તે ગુર્વાજ્ઞાધીન રહેનાર જ સમજી શકે છે.

આ સાત ચિન્હોથી અમુક પુરૂષ સાધુ છે એમ જણાય છે. સાધુઓ માટે સત્તાવીશ ગુણ શાસ્ત્રકારે વર્ણવેલા છે. એ ઉપરાંત આચાર્યના છત્રીશ ગુણ, છત્રીશ છત્રીશી ગુણ ઉપાધ્યાયના પચીશ ગુણ, પચીશ પચવીશી ગુણ, ગુરૂ મહારાજના ગુણો વિગેરે અનેક રીતે સાધુમાં લભ્ય ગુણોની અસ્તિત્વતા સૂચવે છે. એ સર્વનુ તાત્પર્ય એ છે મહાન્ વિશાળ સદ્ગુણ ધારણ કરનાર અને આત્મિક લાભ મેળવવા દૃઢ નિશ્ચયવાળ મહા પુરૂષોને સાધુ કહેવામાં આવે છે. તેઓ આત્મિક લાભને નુકશાન ન થાય તે રીતે પરોપકાર કરવામાં સર્વદા પ્રવર્તે છે અને દુર્ગુણનો આવિર્ભાવ તેઓમાં જણાતે નથી. સામાન્ય લાગતો દુર્ગુણ પણ જ્યારે તેઓના માર્ગમાં આવે છે ત્યારે તેઓ આત્મિકને પૌદ્ગલિક ભાવોનું ચિત્ર હૃદય સન્મુખ રાખી અમુક વસ્તુ ત્યાગ કર યોગ્ય છે (હેય છે) કે ગ્રહણ કરવા યોગ્ય છે ( ઉપાદેય છે ) તેનો વિચાર વિવેક પૂર્વક કરે છે અને તેથી તેઓના વર્તન ઉપર દુર્ગુણ અસર કરી શકતો નથી. કે વખત પ્રબળ કર્મ સામ્રાજ્ય પાસે તેઓનું જોર નજ ચાલી શકે તો તેઓ પૌદ્ગલિ ભાવમાં કદાચ પડી જાય છે પરંતુ તે વખતે પણ તેમાં આસક્તિ ભાવ ન રાખી પોતાની સાધુતા બતાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણે અગાઉ જોઇ ગયા છીએ કે સાધુ માર્ગ અને ગૃહસ્થ માર્ગ એ બન્ને મોક્ષ માર્ગ છે. પણ સાધુ માર્ગ સીધો ને સરલ છે. તેમજ તેમાં બરાબર પ્રવૃત્તિ કરવામાં આવે તો બહુ થોડા વખતમાં તે નિરતિશય સુખ નિરંતરને માટે આપે છે. એ માર્ગના વિશિષ્ટ ગુણો પૈકી પ્રત્યેક એવા મહાન્ વિશાળ અને ગંભીર છે કે એના સંબંધમાં વિચાર કરવાથી પણ સાંસારિક ઉપાધિનો તાપ નાશ પામી અખંડ શાંતિ પ્રાપ્ત થાય છે અને મનમાં એક એવા પ્રકારનો આનંદ થાય છે કે જેવો અનુભવ ગમે તેવા વૈભવો ભોગવતી વખતે, વિષયો સેવતી વખતે અને કષાયો કરતી વખતે થતો નથી. સાધુ ગુણના વિચારની અંદર આવી મહત્વતા પ્રાપ્ત થાય છે તો પછી જ્યારે તેનું વર્તન થાય ત્યારે તો નિરવધિ આનંદ થાય જ. તેનું વર્ણન મહા કવી પણ કરી શકે તેમ નથી. ખાસ અનુભવ વગર તેનો ચિતાર પણ આપવો મુશ્કેલ છે પણ ટુંકામાં તેને માટે એટલુંજ કહી શકાય કે એ મહાન્ ગુણોના આચરણમાં જે આનંદ થાય છે તે અપૂર્વ છે, અનનુભૂત છે અને અનુપમ છે. આલુ પૌદ્ગલિક સુખો જે માત્ર માન્યતામાંજ રહેલા છે જેની અંદર વસ્તુગત સુખ કાંઇ છેજ નહિ અને જેના પરિણામમાં અનેક દુઃખો નિઃસંદેહ ભોગવવાં પડે છે, તેમાંના ઉત્કૃષ્ટ સુખની પણ સામાન્ય સદ્ગુણોના સુખ સાથે સરખામણી કરી શકાય તેમ નથી. આવું મહાન્ સુખ સાધુ જીવનમાં પ્રાપ્ય છે તેથી અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરાવનાર એ સીધા માર્ગનું આચરણ કરવાની અતિ આવશ્યકતા છે. એ માર્ગનું આરાધન કરવું એ સ્વોત્કર્ષનું મૂળ છે.

આટલા ઉપરથી જણાય છે કે સાધુ ધર્મ જરૂર આદરવા યોગ્ય છે. સંસારના વિષયોનું સ્વરૂપ બરાબર ન જણાવાથી અથવા જણાયા પછી તેનો ત્યાગ કરવા માટે જોઇતું પ્રબળ વીર્ય પોતામાં ન હોવાથી કદાચ તેનો ત્યાગ ન બનતો હોય તો પણ નિરંતર ભાવના તો તે સ્થિતિ પ્રાપ્ત કરવાની રાખવી. અનેક વિદ્વાનો એક નિયમ બતાવી ગયા છે કે અમુક સદ્ગુણો જાળવી રાખવા હોય તો તેનાથી મહાન્ સદ્ગુણોની ભાવના હૃદયમાં રાખવી. શ્રાદ્ધગુણો જાળવી રાખવા ઇચ્છનારે સાધુગુણની ભાવનાઓ હૃદય સન્મુખ રાખવી અને બની શકે તેટલા પ્રમાણમાં તેને અનુસરવું. એમ કરવાથી શ્રાદ્ધગુણો બન્યા રહે છે અને સવિશેષપણે તેમાં ગતિ થતી જાય છે.

કેટલીક વખત અમુક સાધુઓને સાંસારિક પ્રસંગોમાં પડતાં જોઇને, વિકથાદિકમાં આસકત થતાં જોઇને, શબ્દવાદમાં પડતાં જોઇને, અર્થહિન બાબતમાં રસથી ભાગ લેતાં જોઇને, વિકારી વસ્તુઓને ગ્રહણ કરતાં જોઇને, મિથ્યાભિમાન કરતાં જોઇને, કપટાચરણ કરતાં જોઇને અથવા બીજા અનેક પૌદ્ગલિક ભાવોમાં રમણ કરતાં જોઇને ઉપર ઉપરનો વિચાર કરનાર મનુષ્ય સાધુધર્મ પર દ્વેષ લાવે છે. તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માને છે કે કોઈ સાધુઓમાં સાધુતા જણાતી નથી. પરંતુ એ ખોટો વિચાર છે. અમુક વ્યક્તિઓનાં આચરણથી સર્વ સાધુઓને તેવા માનવાની ભૂલ કરવી નહિ, વ્યક્તિની સ્ખલતાઓ સમષ્ટિને લાગુ પાડવી નહિ. પરંતુ સાધુધર્મની ભાવનાઓ શી છે, તેનું આદર્શ પરમાત્માએ કેવું બતાવ્યું છે, અને તેનું વ્યવહારવર્તન કેવું હોવું જોઈએ તેજ વિચારણીય છે. વ્યક્તિના કારણે આખા માર્ગપર અભાવ આવે તો તે વિચારબળની ન્યૂનતાજ બતાવે છે. જો કાંઈ પણ વિચાર કરવા યોગ્ય હોય તો એજ છે કે સાધુધર્મના જે આદર્શો ભગવંતે બતાવ્યાં છે તેમાં કાંઈ ન્યૂનતા છે? એમાં જો કાંઈ અલ્પતા લાગતી હોય તો સાધુમાર્ગ પર અરૂચિ આવે એ વાસ્તવિક ગણાય. બાકી અમુક વ્યક્તિ પોતાના દૌર્બલ્યથી અથવા બીજા અનેક કારણોથી સાધ્ય સુધી પહોંચી ન શકે તેટલા માટે સાધ્યને ભૂલ ભરેલું માનવું એમાં અસદારોપનો મોટો દોષ આવે છે. આ વાત તદ્દન સહેલી અને સમજાય તેવી છે. પણ તે સંબંધમા મોટા વિદ્વાનો પણ ઘણી વખત ભૂલ કરતા હોય એવું જોવામાં આવ્યું છે. તેથી અત્રે જણાવવું ઉચિત લાગે છે કે આપણે તો સાધુના ધર્મોનોજ વિચાર કરવો યોગ્ય છે. પરમાત્માએ એ માર્ગ એવો ઉત્તમ પ્રકારે બતાવ્યો છે, એના પ્રત્યેક વિભાગ અને જીવન અંશ પર એટલો પ્રકાશ પાડ્યો છે કે તે માર્ગને અનુસરવાથી ગુણસ્થાન આરોહ જરૂર થશે. અમુક વ્યક્તિઓના ચારિત્રને લઈને જો સાધુમાર્ગ ઉપર દ્વેષ આવી જાય તો પછી સંસાર સમુદ્ર તરવો પણ મુશ્કેલ થઈ જાય, કારણ અનંત ભવ સુધી શુદ્ધ ચારિત્રની પ્રાપ્તિ ન થાય અને તેની પ્રાપ્તિ વગર કર્મબંધથી મુક્તિ ન થાય. માટે ક્વચિત ક્વચિત સાધુધર્મથી વિપરિત પ્રવર્તન અમુક વ્યક્તિમાં વધતા ઓછા પ્રમાણમાં જોવામાં આવે તો તેથી સાધુ ધર્મપરની રૂચિ છોડવી નહિ, એ પદને અનુસરવાની પોતાની લાગણીને જરા પણ નિસ્તેજ કરવી નહિ અને એ સંબંધી વિચાર કરતાં અસ્વસ્થ થઈ જવું નહિ. કેટલાક પ્રસંગોને લઈને વર્તમાન કાળમાં એ સંબંધી મોટી ગફલતી થતી જોવામાં આવે છે તેથી સજ્જનોનું તે તરફ ધ્યાન ખેંચવામાં આવ્યું છે.

મહાન્ સદ્ગુણોના સ્થાનરૂપે સાધુ શબ્દમાંજ એવા પ્રકારની મૃદુતા છે કે તેનો વિચાર હૃદયને શાંતિ આપે છે. સદ્ગુણોને જેટલે જેટલે અંશે ખીલવાય તેટલે તેટલે અંશે સાધુતા આવતી જાય છે. આદર્શ પ્રમાણે જીવન વહન કરનારને સાધુજીવન સદ્ગુણોનું કેંદ્રસ્થાન સમજાય છે અને તેને અનુસરવા તે પ્રબળ પ્રયાસ કરે છે. સજ્જનનું એ ખાસ લક્ષણ છે કે એણે બની શકે તો સાધુ ધર્મનું આરાધન કરવું નેઅ ન બની શકે તો તેનું અનુસરણ કરવું એટલે કે મનમાં એવી ભાવના રાખવી કે મહાન સદ્ગુણો પ્રાપ્ત કરવાની એ પ્રનાલિકા પ્રાપ્તવ્ય છે અને તે માટે યથાવકાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે ભાવના હૃદયમંદિરમાં સ્થાન પ્રાપ્ત કરે છે. જેટલે અંશે સાધુપદનું અનુસરણ થાય તેટલે અંશે સજ્જનતા સિદ્ધ થાય છે. એ સાધુપદની ભાવના નિરંતર લક્ષ્યમાં રાખીને પોતાની સ્થિતિ શકિત અને સંયોગાનુસાર તેનું અનુકરણ કરવાની પ્રત્યેક સજ્જનની ફરજ છે અથવા અન્ય રીતે કહીએ તો સજ્જનનું એ એક લક્ષણ છે. એ સાધુનો સંગ કરવાથી કેવી જાતના લાભો થાય છે તે પર હવે પછી વિચાર કરવાનો હોવાથી સાધુપદને અનુસરવાની અત્ર ભલામણુજ કરવામાં આવે છે. સજ્જનનું મન સત્સંગ કરવામાં આતુર હોય છે અને તેના જેવા થવાની ઇચ્છાવાળું હોય છે. સત્સંગ પર સાતમા સૌજન્યના વિષયમાં વિચાર થશે. અત્ર તો સત્સંગને પરિણામે પ્રાપ્ત થતા સાધુગુણોને અનુસરવાથી સજ્જનપણું સ્થીર થાય છે એ બતાવ્યું. ગુણાનુરાગી સજ્જન પુરૂષો આવા વિશાળ સદ્દગુણોને શોધીને તેને અનુસરવા આત્મવીર્યની સ્ફુરણા કરે છે.

મૌક્તિક.

# स्नात्र करवाना कळश.

## ( સુધારવાની જરૂર )

જિનેશ્વર ભગવાનની અંગપૂજામાં પ્રથમ જળ પૂજા છે. જળનો અભિષેક કળશા કે ટબુડી વડે કરવા કરતાં કળશ વડે કરવાનું વધારે અનુકૂળ પડે છે. કારણ એ છે કે કળશો ટબુડી પ્રતિમાની નજીક લઇ જવા પડે છે જેથી વખતપર તે અથડાઇ જવાનો સંભવ રહે છે, જેથી આશાતના થાય છે. કળશ વડે જળની ધારા છેટી પડી શકે છે તેથી તે છેટે રાખી શકાય છે એટલે અથડાવાનો ભય રહેતો નથી.

આ કળશ પ્રથમ તો ઝારી ઘાટના સીધા નાળવા વાળાજ થતા હતા પરંતુ હાલમાં કેટલાક વર્ષોથી તેના નાળવાનો ઘાટ બદલાઇ ગયો છે. કાંઇક શોભાની ખાતર તે ઘાટ (આકાર) બદલવામાં આવ્યો હોય એમ જણાય છે. કારણ કે સીધા નાળવા કરતાં આ નાળવું શોભે છે ખરૂં, પરંતુ એ શોભામાં બીજી કેટલી હાની થઇ છે તેનો વિચાર લક્ષ બહાર જતો રહ્યો છે એમ જણાય છે.

વાંકા નાળવાની અંદર પાણીનો ભાગ અવશ્ય ટકીજ રહે છે, કારણ કે તે લુગડાથી કે બીજા કશાથી સાફ થઇ શકતું નથી. જરા દૃષ્ટિ કરીને જોવાથી તેમાં મેલ બાઝેલો લાગે છે. તે મેલ નથી પણ લીલ છે કે જેને શાસ્ત્રકારે અનંતકાય કહેલી છે. એટલેથી બસ થતું નથી. કેમકે તે નાળવાની અંદર ફુલ વિગેરે ભરાઇ જવાથી તે નકામું પણ ઘણીવાર થઇ જાય છે. પછી તેમાં નિરાંતે જીવોત્પત્તિ થવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પામે છે. જળના અભિષેક સાથે ઘણીવાર પંચામૃત કરવાથી આવે છે. તેમી અંદર દુધ, ઘી, દહીં, ને સાકર આવે છે. તે બધા પદાર્થો એવા છે કે તે જ્યાં ટકી રહે ત્યાં ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે. આ પદાર્થો પાણી કરતાં ગાઢ હોવાથી તેમજ સ્નિગ્ધ હોવાથી નાળવાની અંદર વધારે ટકે તેમાં આશ્ચર્ય જેવું નથી. તેને પરિણામે તેની અંદર ત્રસ જીવો ઉપજે છે. ઘણી વખત કીડીઓ ને મંકોડા કળશની અંદર ધયેલા અને નાળવા વાટે પેસતા નીકળતા જોવામાં આવે છે. આવે પ્રસંગે નાળવું સાફ કરવા સારૂ તેની અંદર પાણી રેડવામાં આવે છે અથવા સળી નાંખવામાં આવે છે તો તેથી તેમાં રહેલા ત્રસ જીવોની વિરાધના થવાનો સંભવ છે એ ઉઘાડી વાત છે. કારણ કે તેમાં જે થાય છે તે દૃષ્ટિથી જોવામાં આવતું નથી. આ પ્રમાણે અનંતકાય-ની તેમજ ત્રસ જીવોની વિરાધનાનું કારણ શોભા માટે વાંકું વાળેલું નાળવું છે.

જો ઝારીની જેવું સીધું નાળવું હોય તો તેની અંદર આરપાર જોઇ શકાય છે. આરપાર સળી નીકળે છે. લુગડાની વાટ વડે પણ તે સાફ થઇ શકે છે. તેમાં લીલ બાઝી શકતી નથી. ત્રસ જીવોની ઉત્પત્તિ થતી નથી. આ બધા લાભ છે માટે હાલમા ચાલતા રીવાજને બંધ કરીને હવે સીધા નાળવાવાળા કળશો થવાની જરૂર છે.

આ સ્થાનકે એક વાત વિશેષ એ પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે નાળવામાં મેલ બંધાવાથી દુર્ગંધ ઉત્પન્ન થાય છે તે અલ્પ હોવાથી કદિ આપણી નાસિકા ગ્રહણ કરી શકતી નથી. પરંતુ તેથી તેમાં નાખેલું જળ દુર્ગંધ વડે મિશ્ર થાય છે. અને તેના વડે સ્નાત્ર કરવાથી આશાતના થાય છે.

એક બીજી હકિકત પણ પ્રસંગોપાત યાદ આપવાની જરૂર છે કે ઘણા દેરાસરોમાં ને તીર્થોમાં પ્રાયે પુજારીઓ ( ગોઠીઓ ) થીજ કામ લેવામાં આવે છે. કદિ કોઇ જગ્યાએ પુણ્યશાળી ભક્તિવાન્ શ્રાવક ભાઇઓ પ્રક્ષાલનાદિ કાર્ય પોતે જ કરતા હશે તો પણ વાસણો સાફ કરવાનું કે તે સંભાળવાનું કામ તો નોકરો જ કરતા હશે. એ નોકરો જો કળશને અંદરથી કપડા વડે લુહીને સાફ કરતા નથી તો અંદર પાણી રહે છે.છેવટે ભીનાશ તો રહે જ છે.તેથી તેમાં પણ લીલ બાઝવાનો—મેલ બાઝવાનો સંભવ રહે છે. આનું એક કારણ ઉપરના ઢાંકણા પણ છે. આ ઢાંકણા જો કે અંદર કાંઇ જીવજંતુ ભરાઇ ન રહે તેના રક્ષણ માટે અને શોભા માટે કરવામાં આવેલા છે, પણ તેથી અંદરની હવા ઉડવામાં અટકાયત થાય છે અને શરદી જામે છે. અગાઉ શાસ્ત્રોમાં તપાસતાં કળશની ઉપર નીલકમળાદિ ઢાંકવામાં આવ્યાની હકિકત નીકળે છે. તેથી હાલ કરવામાં આવે છે તેવા ઢાંકણા અગાઉ હોવાનો સંભવ નથી.માટે જો અંદરથી કપડા વડે લુહી હવા ઉડવા દઇને પછી ઉંધા વાળીને સુકવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવે તો ઢાંકણા ન કરવાં સારાં છે. આ હકિકત પણ ધ્યાન બહાર રાખવા જેવી નથી.

છેવટે બહુ નાના કળશો કરાવવાની બાબતમાં તો કહેવાની જરૂરજ છે કે તેમાં તો એકાંત હાની જ છે, માટે તેવા નાના કળશવડે અભિષેક કરવા કરતાં તો ટબુડી વડે કરવો તેજ ઠીક છે. નાના કળશમાં તો કોઈ પ્રકારની જયણા થઈ શકતી નથી.

આ હકિકત દરરોજના કર્ત્તવ્યને અંગે હોવાથી જૈન બંધુઓએ પૂરતું ધ્યાન દેવાની આવશ્યકતા છે. આશા છે કે વિવેકી બંધુઓ આ લેખ પર લક્ષ આપી તેના પર પોતાના વિચાર જાહેર કરશે.

# हालमां थता स्वामीवच्छल.

## ( જયણાની ઘણી જરૂર )

સહધર્મી—એક ધર્મ પાળનાર—જૈનબંધુ **સ્વામી** કહેવાય છે. તેની વત્સલતા—ભક્તિ કરવી તે **સ્વામી** વચ્છલ કહેવાય છે. આવી ભકિત પર્વ દિવસોએ વધારે કરવામાં આવે છે. નાની યા મોટી તપસ્યાને કે પોસહને પારણે સ્વામીવચ્છલ કરવાની પ્રવૃત્તિ વિશેષ હોય છે એ સર્વમાં સંવચ્છરીને પારણે સ્વામીવચ્છલ કરવાની પ્રવૃત્તિ અગ્રપદ ધરાવે છે. બીજા સ્વામી વચ્છળ થાઓ કે ન થાઓ પણ સંવત્સરીને પારણે તો ગમે તે રીતે સ્વામીવચ્છલ કરવામાં આવે છે.

પર્યુષણના આઠ દિવસને પ્રાંતે આ સ્વામીવચ્છળ કરવામાં આવતું હોવાથી તેને માટે પકવાન વિગેરેની સગવડ વહેલાંથી કરવી પડે છે, જેઓને પૈસા સંબંધી સગવડ કરવી પડે તેમ હોતું નથી, કોઈ જમાડનાર હોય છે અથવા વ્યાજની પૂરી ઉત્પત્તિ હોય છે ત્યાં તો પ્રથમથી બધી ગોઠવણ થાય છે પણ જ્યાં તેવી પૂરતી સગવડ હોતી નથી ત્યાં અમર પળાવવાના, આરંભ બંધ કરવા કરાવવાના તેમજ તપસ્યાદિક વડે આરાધન કરવાના મહા મંગલકારી દિવસોએ તે સંબંધી ચર્ચા, ખટપટ, મહેનત, ખરડા અને તેને પરિણામે સ્વામી વચ્છળનું મુકરર થતાં પકવાન તેમજ અનાજ વિગેરેની તજવીજ કરવામાં આવે છે. કેટલેક અંશે પર્વનું આરાધન કરવાને બદલે વિરાધન કરવા જેવો દેખાવ પણ થાય છે.

પર્યુષણ પહેલાં કરો કે પછી કરો યા મધ્યમાં કરો પણ સ્વામી વચ્છળની અંદર જયણાની મુખ્યતા હોવીજ જોઈએ. જો કે જેટલો વખતનો અવકાશ વધારે એટલી જયણા વધારે પળે અને અવકાશ ઓછો તેટલી ઓછી પળે એ ખરી વાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, પણ કેટલીક વખત સ્વામી વચ્છળ કરનારની જયણા તરફ ઓછી નજર હોય છે તો વધારે અવકાશ છતાં પણ પૂરી જયણા પળતી નથી અને જયણા તરફ વધારે આદરવાળા કરનાર હોય છે તો ઓછે અવકાશે પણ જયણા સારી પળે છે. જયણા શિવાય કરવામાં આવતા સ્વામીવચ્છળમાં કદિ કોઇ એમ ધારે કે ઓછું કુણ ગળતું હશે પણ વખત પર એટલે સુધી ધ્યાન રાખવાની જરૂર છે કે લાભ ને બદલે ટોટો પણ થઇ પડે ખરો.

હવે કઇ કઇ બાબતમાં ખાસ જયણા રાખવાની જરૂર છે તે ટુંકામાં આ નીચે બતાવવામાં આવે છે—

૧ પકવાન કરવામાં, રસોઇ કરવામાં, પીવામાં અને છેવટે એઠવાડ કાઢવામ જેટલું પાણી વાપરવામાં આવે તે બધું સારી રીતે ગળીને વપરાય અને તેનો સંખારો યોગ્ય રીતે લઇને યોગ્ય ઠેકાણે મોકલાવાય.

૨ પકવાન કરવાની ચૂલ્ય અને રસોઇ કરવાની ચૂલ્ય પુંજી પ્રમાજીને વાપરવામાં આવે, કોઇ પણ પ્રકારના ત્રસ જીવની વિરાધના ન થાય.

૩ પકવાન કરવામાં અને રસોઇ કરવામાં જે કાષ્ટ વાપરવામાં આવે તે તદ્દન સુકાં અને પુગી વિનાના તેમજ જીવજંતુ વિનાના જોઇએ તેમજ તે પુંજી તેમજ ખંખેરીને વપરાવા જોઇએ.

૪ પકવાનમાં વપરાતા પદાર્થો–ઘી, સાકર, ને લોટ વિગેરે તેમજ રસોઇ કરવાના પદાર્થો–ચોખા, દાળ, શાક અને મસાલો વિગેરે પ્રથમથી બરાબર જોઇ તપાસીને શુદ્ધ કરી રાખવા ને વાપરતી વખત પાછા તપાસ્યા પછી ઉપયોગમાં લેવા.

૫ તૈયાર થયેલ રસોઇ ને પકવાન વિગેરે સારી રીતે ઢાંકીને મુકવા. ઉઘાડા રાખવાથી ઉડતા જીવો તેમાં પડે છે ને વિરાધના થાય છે અથવા કીડી મંકોડા વિગેરે ચડી જાય છે.

૬ જમતી વખત પીરસનારની છુટ રાખી જોતું પીરસવું. જમનારને ઉઠવા ન દેવા. જેથી વસ્તુ વધારે ન ખપે, એઠું ન પડે અને એઠાંમાં થતી સંમુર્છિમ જીવોની ઉત્પત્તિ ન થાય.

૭ ખાવાના વાસણ ધોઇને નાખવામાં આવતું એઠું ઝીલી લેવાને માટે પુરતાં વાસણો રાખવા કે જેથી જમીન પર એઠું ન પડે અને તેની વ્યવસ્થા રાત્રે ને રાત્રે જનાવરને પાઇ દેવા વિગેરેમાં થઇ જાય.

For Private And Personal Use Only

૮ વધારાની રસોઇ કે એઠાંની વ્યવસ્થા રાત્રેજ થઇ જવી જોઇએ, જેથી વાસી અનાજ વિગેરે રહે નહીં અને જીવોત્પત્તિ થાય નહીં.

૯ કાર્ય સમાપ્ત થયે ચૂલ્યમાં રહેલા અગ્નિની તેમજ વધેલા પાણીની વિરાધના ન થાય તેવી ગોઠવણ કરી દેવી જોઇએ. અગ્નિ ઉપર રાખ કે ધુળનું આચ્છાદન કરવું જોઈએ કે જેથી બીજા જીવો તેમાં પડીને વિનાશ ન પામે. પાણી આપી લઈને પતાવી દેવું-રહેવા ન દેવું.

ઉપર પ્રમાણે વ્યવસ્થા હોતી નથી. ત્યારે એટલી બધી વિરાધના થતી નજરે પડે છે કે તેથી હૃદય કમકમે છે. પાણી ગળવાની સંભાળ રહેતી નથી, ચૂલ્ય કોઇ સંભાળતું નથી, કાષ્ટ જીવાતવાળાં વપરાય છે, એઠું પારાવાર પડે છે, વાસણનું એઠું જ્યાં ત્યાં નખાય છે, રાત્રે વ્યવસ્થા થતી નથી, વધેલ રસોઇ વાસી રહે છે, એઠું ખાળમાં અથવા જ્યાં ત્યાં ઢગલાબંધ પડે છે, તેમાં બીજે દિવસે જીવાત પડે છે, ખદ-બદ થાય છે ને દુર્ગંધ ઉઠે છે, રસોઇનું અનાજ પુરૂં શોધવામાં આવતું નથી, કરવામાં ઉતાવળ હોય છે ત્યારે ફરીને નજર પણ નખાતી નથી. પકવાન રાત્રે થાય છે એટલે જીવયતનાનું નામ પણ નજરે પડતું નથી. રાત્રિભોજનના દોષવાળું પકવાન સ્વામી ભાઈઓને જમાડવામાં આવે છે. ઇત્યાદિ અનેક પ્રકારે એટલી બધી વિરાધના થાય છે કે એવા સ્વામીવચ્છળમાં લાભ મળતો હશે કે ટોટો થતો હશે ? તેથી સુજ્ઞ જનોને શંકા ઉત્પન્ન થાય તેવું છે. આ બાબત દરેક સ્વામીવચ્છળ કરનાર કરાવનારે ધ્યાનમાં રાખવાની પૂરતી જરૂર છે. આ હકીકત બીલકુલ ઉપેક્ષા કરવા યોગ્ય નથી. ઇત્યલં વિસ્તરેણ.

# भावनगर पांजरापोळ लॉटरीं.

## દયાળુ શ્રીમંતોને વિનંતિ.

આ લોટરી ભરાવવાનું કામ વૈશાક માસથી શરૂ થયું છે. તેની અંદર ભાવનગરમાં રૂ (૧૭૦૦૦) અને મુંબઇ ખાતે રૂ. ૨૨૦૦૦) ભરાયા છે. બહાર ગામ શુમારે વીશ હજાર ટીકીટો ગઇ છે, તેમાંથી અડધી લગભગ ખપી ગયેલી છે. લોટરી સંબંધી પ્રયાસ કરનારાઓની સતત્ મહેનતથી ટુંકી મુદતમાં એક લાખની પુરી ભરાઇ જવા સંભવ હતો કારણકે આ લોટરીની કાંઇ એક એક ટીકીટો ખપાવવામાં આવતી નથી પણ સેંકડો અને હજાર હજાર રૂપીઆની રકમ એકેક ગૃહસ્થના પરમાર્થના કાર્ય પરત્વે આવે છે તેના બદલામાં તેટલી ટીકીટો મોકલવામાં આવે છે. બીજી બધી લોટરી કરતાં આ વહેલી ફતેહમંદ થવા સંભવ હતો પરંતુ વરસાદ સારા ન થવાના કારણથી તે ખપવામાં ખલેલ થઇ છે. જો કે પ્રયાસ શરૂ છે પરંતુ મુદત વધારે લાગવા સંભવ છે. વળી પાંજરાપોળમાં જનાવરની આવક્ષાની વધવાથી અને ઘાસની મોંઘવારી થવાથી તે સંબંધી પણ ચિંતા થઇ પડી છે. દયાળુ ગૃહસ્થોએ લોટરીને મિષે અથવા દુષ્કાળને મિષે આ પાંજરાપોળને મદદ કરવાની પૂરતી આવશ્યકતા છે. આશા છે કે આ વિનંતિ ઉપર શ્રીમંત ગૃહસ્થો અવશ્ય ધ્યાન આપશે.